॥ श्री ॥

मोहनपद्यरत्नावळे.

५२१८

रचनार

ब्रह्मविद्वरिष्ठ ब्रह्मचारी श्रीमोहनस्वरूपजी.

दोहरो.

मननी तृष्णा ना मटे, करीए कोटि उपाय;
मोहन सद्गुरु सेवतां, समजी शांत थवाय.

छपावी प्रसिद्ध करनार

हरिजनमंडल.

अमदावाद

युनीयन प्रिंटिंग प्रेसमां छाप्युं.

संवत १९४८. इ० स० १८९२

किंमत २ आना.

५२१८

॥श्री॥

मोहनपद्यरत्नावलि.

रचनार

ब्रह्मविद्वरिष्ठ ब्रह्मचारी श्री मोहनस्वरूपजी.

दोहरो.

मननी तृष्णा ना मटे, करीए कोटि उपाय;
मोहन सद्गुरु सेवतां, समजी शांत थवाय.

छपावी प्रसिद्ध करनार

हरिजनमंडल.

युनीयन प्रिंटिंग प्रेसमां छाप्युं.

अमदावाद.

संवत १९४८. इ० स० १८९२

किंमत त्रण आना.

આ ગ્રંથ સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર
કરાવ્યો છે, તેથી આ ગ્રંથસંબંધી સઘળા
હક ગ્રંથ છપાવનારને છે.

પ્રસ્તાવના.

આ શ્રીમોહનપદ્યરત્નાવલિ એ સુરતવાસી બ્રહ્મવિદ્વરિષ્ઠ બ્રહ્મચારી શ્રીમોહનસ્વરૂપ જે શ્રીમોહનલાલજી મહારાજ એ નામથી પ્રસિદ્ધછે તેમનાં રચેલાં ઉપદેશાત્મક તથા અનુભવાત્મક પદોનો સંગ્રહછે.

ઉક્ત ગ્રંથ પ્રસિદ્ધ કરનાર હરિજનમંડલને ઘણા ભાવિક સજ્જનોદ્વારા આ પદસંગ્રહને પ્રકટ કરવા અતિ આગ્રહ થવાથી આજે તેને પ્રસિદ્ધ કરવાનો સુયોગ લીધો છે.

બ્રહ્મચારીજીના આ પદ્યાત્મક લેખવિષે આ સ્થલે લખવું એ નિરર્થક છે. નેત્રવાનને સૂર્ય દર્શાવવાની અગત્ય રહેતી નથી, અને અંધને તે દર્શાવવાના કરેલા સઘળા પ્રયત્ન નિષ્ફલ જ થાયછે. અર્થાત્ અધિકારી જનો અનાયાસ આ ગ્રંથની અપૂર્વતા જાણી લે એમ છે જ અને અનધિકારી જનોનાં દૂષિત અંતઃકરણમાં અનેક યત્નથી પણ અપૂર્વતા આદિ ઉતરવાનાં નથી, એ સિદ્ધ જ છે.

અનેક મનુષ્યોસાથે રણસંગ્રામમાં યુદ્ધ કરવાની ઇચ્છા રાખનારને વિવિધ શસ્ત્રાદિની અપેક્ષાછે, અને જેને જાતેજ મરવું હોય તેને તો એક છુરિકા પણ બસછે, તેમ સભાઓમાં વાદવિવાદ કરી પંડિતોના પરાજયની જેને ઇચ્છા હોય તેને માટે અનેક સંસ્કૃત ગ્રંથોછે, અને જેને પોતાનુંજ અહં વિલાવી આત્મશ્રેય સાધવું છે તેને આ લઘુ પદસંગ્રહ કાર્યસાધક છે એ આ ગ્રંથ અવલોકનાર અધિકારીને અજ્ઞાત નહિ રહે.

'આની ભાષા તો ક્લિષ્ટ છે,' 'આમાં તો કાવ્યનો અમુક નિયમ તુટ્યોછે,' એમ ચીંચી કરી વૈખરીના મળને જ્યાં ત્યાંથી શોધી શોધી ખાનાર, અને પરાસુધી જેમની ગતિ નથી એવા ભાષાની હિમાયત કરનાર મિથ્યા પંડિતોમાટે હરિજનમંડળે આ ગ્રંથ પ્રકટ કર્યો નથી.

સંવત ૧૯૪૮ આષાઢ શુદ ૧૧ } લા. હરિજનમંડળ.
સુરત.

श्री.

॥ हरिजनमंडलकृतस्तुति ॥

દોહરા.

ટાળી ત્રિવિધિ દુઃખને, જીવને કરતા ન્યાલ;
એવા સમર્થ છો જગે, સદ્‌ગુરૂ મોહનલાલ. ૧
...દી દઈ ઉપદેશની, મહા મોહની જાળ;
સત્વર તોડો શિષ્યની, સદ્‌ગુરૂ મોહનલાલ. ૨
સ્વયંપ્રકાશક સ્વરૂપને, પ્રકટાવો અંતરાલ;
પૂરક રેચક કુંભકે, સદ્‌ગુરૂ મોહનલાલ. ૩
કૃપાદૃષ્ટિ જ્યાં આપની, ત્યાંથી ડરતો કાલ;
એવા સમર્થ આપ છો, સદ્‌ગુરૂ મોહનલાલ. ૪
ભવભયથી છે ભીત જે, ધીંગી તેની ઢાલ;
અભયવરદ પાલક સદા, સદ્‌ગુરૂ મોહનલાલ. ૫
ચરણકમલમાં અર્પતા, તન મન ધનાદિ માલ;
તેનાં દુઃખ સઘળાં દહો, સદ્‌ગુરૂ મોહનલાલ. ૬
આ પોતાનું પારકું, એવો નહિ જ્યાં ખ્યાલ;
પરમદયાલુ આપછો, સદ્‌ગુરૂ મોહનલાલ. ૭
મહિમા મોટો આપનો, શું જાણે કંગાલ,
વિરલા જન જાણે સદા, સદ્‌ગુરૂ મોહનલાલ. ૮
દીન જનોને રક્ષતા, ધરી અંતર બહુ વ્હાલ,
દુઃખિના બેલી વિશ્વમાં, સદ્‌ગુરૂ મોહનલાલ. ૯
મૃત્યુમુખે સઉ જાયછે, કોઈ આજ કોઈ કાલ;
મરણથકી ઉગારતા, સદ્‌ગુરૂ મોહનલાલ. ૧૦
રમ્ય સ્વરૂપછે જેમનું, વિશાલ છે અતિ ભાલ;
શુદ્ધ સ્વરૂપે શોભતા, સદ્‌ગુરૂ મોહનલાલ. ૧૧
ચરણે નમીને માગીએ, હે ગુરૂ દીનદયાલ;
ભવસાગરમાં તારજો, સદ્‌ગુરૂ મોહનલાલ. ૧૨
યોગીના પણ યોગી છો, મહા ભૂપના ભૂપ;

જ્ઞાનીના જ્ઞાની તમે, શ્રીમોહનસ્વરૂપ. ૧૩

ચરણકમળ જેણે ગ્રહ્યાં, પડે ન તે ભવકૂપ,
જય જય જય જય વિશ્વમાં, શ્રીમોહનસ્વરૂપ. ૧૪

હરિજન પ્રીતે પૂજતા, ધરી દીપ ને ધૂપ;
તેના તમને ટાળતા, શ્રીમોહનસ્વરૂપ. ૧૫

મહિમા ગાતાં જેમનો, થાય થી મન પણ ચૂપ,
શબ્દાતીત અખંડ છો, શ્રીમોહનસ્વરૂપ. ૧૬

આપ સમી ઉપમા નથી, જગમાં આપ અનુપ;
નેતિ નેતિ નિગમો વદે, જય મોહનસ્વરૂપ. ૧૭

श्लोक

गुरुर्ब्रह्मा गुरु र्विष्णु र्गुरु र्देवो महेश्वरः
गुरुरेवपरब्रह्म तस्मै श्रीगुरवेनमः

हरिजनमंडल.

સૂચના.

આ શ્રીમોહનપદ્યરત્નાવલિ સુરતમાં નવસારી ભાગળે

ચાંલ્લાઓળને નાકે હીંગળાજના મઠ સામે

બ્રહ્મચારીજી શ્રીમોહનસ્વરૂપને

આશ્રમે તજવીજ કરવાથી

મળશે.

श्री

॥ श्री गणेशायनमः ॥

॥ श्री सद्गुरुभ्योनमः ॥

॥ अथ श्री मोहनपद्यरत्नावलिप्रारभ्यते

પદ ૧. રાગ ધનાશ્રી.

સત્સંગ કરવા રે ભાઈઓ સતસંગ કરવા, શિરને સાટે ચાલો સતસંગ કરવા. ટેક.
માનુષ્યદેહ દેવતાને દુર્લભ, (તેમાં) શુભ ગુણના ભંડાર ભરવા. શિર૦ ૧
સ્મરણ કરે શિવસનકાદિ જેનું, તેને ભજીને ભવસાગર તરવા. શિર૦ ૨
વિષયતણાં સુખ રાત્રદિન સેવીને, જન્મ મરણ ફેરા ફરવા. શિર૦ ૩
સંતસંગતનો મહિમા મોટો છે, (જેથી) દુર્ગુણદળ લાગે ડરવા. શિર૦ ૪
ઉપદેશ એહ વસિષ્ઠજીએ આપ્યો, મોહન સેવી મહા સુખ વરવા. શિર૦ ૫

પદ ૨. રાગ ઉપરનો.

મન નિજ માન તું મુકી દે રે. ટેક.
અહં ચોર અંતરમાંહી રહેછે, તુંજ તારો શત્રુ છે રે, મન૦ ૧
ભગવદ્ગીતાનો ભેદ સમજજે, શ્રીકૃષ્ણ અર્જુનને કહેરે. મન૦ ૨
નિર્માન નિર્મોહ જિતસંગદોષ જે, તેહતણો લક્ષ્યાર્થ લે રે. મન૦ ૩
અલ્પવિદ્યા ભણી વિવાદ ન ધરવો, (જેમ) શ્વાન શકટનો ભાર વહેરે. મન૦ ૪
મોહનસ્વરૂપ કહે મનસુખાને, તું પરમગુરૂનું પદ ગ્રહે રે. મન૦ ૫

પદ ૩. રાગ કાફી.

ડાહ્યા જન દીલકું ખોજે, યહ તનમેં તંબુરા બાજે;
સોહં સોહં સુર ચલત હેં, જાકી ધુન ગગનમેં ગાજે. યહ૦ ૧ ટેક.
ત્રિગુણાત્મક તુંબા બન્યા હે, અનહદ નાદ અવાજે,
અંતઃકરણકા આમળા કરકે, ચોવીસ તત્વ જુ સાજે રે. યહ૦ ૨
તુર્યાતીત તાર ન ત્રુટે, તબ નારાયણ નવાજે,
ચિદ્ઘન આનંદ અખંડ અનુભવ, જન્મમરણ ભય ભાજેરે. યહ૦ ૩
સતચિદ્ આનંદ સ્વયંપ્રકાશક, જગદાકાર બિરાજે,

પરમ જ્યોતિ અનવધિ ઉજીઆરા, વાં લક્ષ કોટિ ભાણુ લાજેરે. પદ. ૪
આપમેં મોહન મગન ભયા હૈ, બાવન બહાર બિરાજે,
દશ દિશ આપહિ આપ વિલોકી, દીલમેં નિડરપન છાજેરે. પદ. ૫

પદ ૪. રાગ હાલારી.

કહું કરી ગુરૂચરણે પ્રણામ, આશ્ચર્ય અમો જોયું રે,
હૃદયવિના બીઠીરે હામ, પરાપાર ચિત્ત પ્રોયું રે. ટેક.
પદ અગમ્ય અગોચર ગેબ, ચિદ્ઘનસ્યામનું રે,
અનુભવ કરતાં આવે એબ, જે જીવના વિશ્રામનું રે; કહું. ૧
કલ્પનારહિત કીધો રે વિચાર, વિના નેત્ર નિરખીયું રે,
શ્રોતાવક્તા નહિ રે સંસાર, વિના પ્રાણ પરખીયું રે. કહું. ૨
નહિ આદિ અંત ને મધ્ય, ભ્રાંતિ હવે ભાગીરે,
મોહનસ્વરૂપ છે પોતે અવધ્ય, ગુરૂગમ જાગીરે; કહું. ૩

પદ ૫. રાગ બિહાગ.

બુઝો બોલણહારો, બંધુ બુઝો બોલણહારો. ટેક.
માનુષ્યદેહ દેવતાકું દુર્લભ, શોધો સરજનહારો,
કૌન હે મેરા અરૂ મેં હુ કીસીકા, નિજસ્વરૂપ નિહારો. બંધુ બુઝો. ૧
યા જગમેં અમર નહિ કોઉ, કાયા હે કાલકો ચારો,
ઇશ્વરબિના કોઉ નહિ હે અપના, વ્યાપક સ્વરૂપ બિચારો, બંધુ બુઝો ૨
અંતર બાહિર અનુભવ કરકે, અંતઃકરણ ઉજીઆરો,
નામ રૂપ નાહિ કોઉ રહેગા, કુરાન પુરાણમેં યે હે પુકારો. બંધુ બુઝો. ૩
પરમ ગુરૂબિન ભેદ ન પાવત, ચાહે પંડિત કયા ગુમારો,
મોહનગુરૂકા મહિમા હે એસા, આપત સુખ અપારો. બંધુ બુઝો. ૪

પદ ૬. રાગ બિહાગ.

કીસ બિધ મીલના હોઇ, મોહનકો કીસ બિધ મીલના હોઇ.
સજ્જન બંધુ લીખના સોહી, મોહનકો. ટેક.
હમ અપંગ જઇફ અભ્યાગત, જરા અવસ્થાકો જોઇ,
કરૂણા કરકે દિલમે બિચારો, હમ તુમ એક ન દોઇ. મોહનકો. ૧
મુમુક્ષુ મહા મુક્ત સદા હો, ભ્રાંતિ સકલ હેં ખોઇ,
આવરણ વિક્ષેપ કબહુ ન સ્ફુરત, પરમ ગુરૂ ચિત્ત પ્રોઇ. મોહનકો. ૨
ઇસ તન બર્ફકા હીરા રવિ તેજ પરા તબ તોઇ,
નામ રૂપ ઉસકા મોતી હે, સંસારકી સત્યતા ખોઇ, મોહનકો. ૩

અહં ઈદં આદિ અંત મધ્ય, કર્મકલ્પના ધોઈ,
કોઈ નહીં મેરા મેં ન કિસીકા, સબહી સંશયકો ખોઈ. મોહનકો. ૪
ઉર્ધ્વ અધઃકછુ અન્ય ન ભાસે, જન્મ મરણકું ન જોઇ,
મોહન મધ્ય સમાગમ કરકે, ક્યોં રહે નિજસેં દ્રોહી. મોહનકો. ૫

પદ ૭. જંગલાની ઠુમરી.

શાણા જન સદ્‌ગુરૂ ગમ કરકે, અપના આપ ઉગારો રે. ટેક.
સદ્‌ગુરૂબિન કછુ સુઝ પરત ના, બેદ કરત હે પોકારો રે,
પરમગુરૂ જબ યુક્તિ દિખાવે, તબ નિજ સ્વરૂપ નિહારોરે, શાણાજન૦ ૧
નામ રૂપ કછુ નહિ રહેગો, તનુ હે કાલકો ચારો રે,
ઈશ્વર બિન કોઉ નહિ અપના, વિવેકી ઉર બિચારો રે. શાણાજન૦ ૨
કોન હે મેરા અરૂ મેં હું કીસિકા, શિવ કોન સરજનહારા રે,
સ્વયંપ્રકાશક સ્વરૂપ લહીકે, જાના યહ ભવ પારા રે; શાણાજન૦ ૩
પરમ ગુરૂ પહીચાન પરેસેં, હોવે હૃદય ઉજારા રે,
સદ્‌ગુરૂ શીલસંતોષ પ્રબોધી, અનુભવ દેત અપારા રે. શાણાજન૦ ૪
સ્વાર્થરહિત ઉપદેશ કરતહે, અખંડ અનુભવ ધારા રે,
મોહનમહાપદવીરલા જાનત,(ઔર) ધરધર કરતગુજારારે.શાણાજન૦ ૫

પદ ૮. રાગ ભેરવી દીપચંદી.

બ્રહ્મ જાણો રે એક બ્રહ્મ જાણો, ભ્રાંતિ તજીને એક બ્રહ્મ જાણો. ટેક૦
વેદ શાસ્ત્ર જેની સાક્ષી પુરેછે, પરમ ગુરૂને તમે પરમાણો, ભ્રાંતિ૦ ૧
જીવ ઈશ્વરની એકતા કરીને, અસિપદને, ઉરમાં આણો. ભ્રાંતિ૦ ૨
સ્વયં પ્રકાશક પ્રીછ્યા વિનાનું, પુજે તે પીતળ પાષાણો રે, ભ્રાંતિ૦ ૩
અંતર જેણે અનુભવ નવ કીધો, તેનાઘટમાં કાલઘાલશે ઘાણો. ભ્રાંતિ૦ ૪
નિત્યાનિત્ય વિવેક કરીને, નામ ને રૂપથી મોહ તાણો, ભ્રાંતિ૦ ૫
મોહન ચૈતન્યસાગરનાં સુખ, મરજીવા થઇને માણો. ભ્રાંતિ૦ ૬

પદ ૯. રાગ ભેરવી. ચાલ ઉપરની.

પદ જાણ્યું રે મેં પદ જાણ્યું, પરમ ગુરૂનું પદ જાણ્યું. ટેક૦
જન્મમરણનું જોખમ ટળીયું, છુટી ગઇ ચારે ખાણું. પરમ૦
પરમ ગુરૂએ મને પ્રીછ બતાવી, અનુભવસુખ ઉરમાં આણ્યું. પરમ૦
સદ્‌ગુરૂનું સુખ શેષ શિવ આદિ, વ્યાસથી ન જાય વખાણ્યું. પરમ૦
સદ્‌ગુરૂની ગમ જાણ્યા વિનાનું, ત્રિગુણ માયાનું તેલું તાણ્યું. પરમ૦
મોહનસ્વરૂપ સદ્‌ગુરૂ કૃપાથી, ઉદયો અંતર આત્માભાનુ. પરમ૦

પદ ૧૦. રાગ પંચમ.

સદ્ગુરૂ મળતાં રે, સાધન સૌ શમી ગયાં રે;
સંશય મારા સર્વે થયા રે સંહાર.
ગુરૂગમજ્ઞાને રે, બિજક બળી ગયાં રે,
સુર્તા થઇ શબ્દશું એકાકાર. સદ્ગુરૂ. ૧
ઉપદેશદ્વારા રે, અંતરતમ દેશમાં રે,
ઓચિંતો ઉદયો અનુભવ અર્ક,
અજ્ઞાન આશંકા રે, તિમિર ટળી ગયાં રે,
ઉડી ગયાં અનુમાન તર્ક વિતર્ક. સદ્ગુરૂ. ૨
સત્ ચિદ્ આનંદ રે, સ્વયંપ્રકાશ છે રે,
અસ્તિ ભાતિ પ્રિય લહ્યું આપસ્વરૂપ;
ગુરૂભક્ત સાચા રે, મોહન જો મળે રે,
એકરસ આનંદ થાય અનુપ. સદ્ગુરૂ. ૩

પદ ૧૧. રાગ પ્રભાત.

સમજી સિદ્ધાંતને સાર ગ્રહી સુખી થઇ,
પૂર્ણ રહો તૃપ્ત નિજ આત્મ લાભે,
શ્રેષ્ઠ મધ્યમ બધી વર્ણ ત્રેવીશમાં,
પૃથ્વીવિકાર લાગે ન આભે. સમજી. ૧
જ્યાંલગી દેહનાં કૃત્ય ઉભાં હશે,
ત્યાંલગી દેહલય હોય શેણે;
વિશ્વમાં ખ્યાતિ નિંદા સદા ચાલતી,
વળગશે અનુભવી કેમ તેને. સમજી. ૨
નિર્ગુણ સેવતાં કબીરને પીડીયો,
સગુણ સેવ્યો પીડયો નૃસિંહ મે'તો;
સત્યને પાળતાં દમ્યો હરિશ્ચંદ્રને,
પ્રલ્હાદને પીડીયો નામ લેતો. સમજી. ૩
જે કંઇ આદરે, વિશ્વ નિંદા કરે,
જગતને ભક્તને રીત એવી;
દૃધ દે ગાય તો વાછરૂને દમે,
અનુભવી દુનીઆં જાણ તેવી. સમજી. ૪
હરિજન એકલો વિશ્વ નિર્મળ ગણે,
વિશ્વ હરિજનતણા દોષ થાપે;

મોહ તજી શરણ મોહનતણું સાધતાં,
સદ્‌ગુરૂ અખંડ સુખ સહજ આપે. સમજી. ૫

પદ ૧૨. રાગ કેદારો. અખાના નવગરાનો.

બંધુ રે, મનનું મૂળ વિચારો,
યાદી જે ઉપદેશની, અંતરમાં ઉતારો, અહો બંધુરે૦ ટેક.
પરમ ઉપદેશપ્રભાવથી, જીવની જડ જાશે,
જડચૈતન્ય સ્થૂળસૂક્ષ્મ આ, સર્વ પ્રપંચ પળાશે, અહો બંધુ રે૦ ૧
અણુછતી કલ્પના ઉપજી, કલ્પ્યા ચૌદે લોક,
ગુરૂગમદ્વારા નયને જુએ, સ્વપ્નસમ દીસે ફોક. અહો બંધુ રે. ૨
સર્વ સમજણથી શેષ છે, જાણ્યા વિનાની જાણ,
આપોપું અળગું કરી, રહો પદ નિર્વાણ. અહો બંધુ રે. ૩
દેહવિના ડગલાં ભરે, ચક્ષુવહોણું જુવે,
મોહનસ્વરૂપ સુખસેજમાં, સોડ વાળીને સુવે. અહો બંધુ રે. ૪

પદ ૧૩. રાગ વેળાવળ.

જય જય સદ્‌ગુરૂ જગપતિ, બિરદ પોતાનું પાળી;
વિવૃત્ત વૃત્તિઓ ચિત્તની, વિષયોથકી વાળી. જય જય૦ ૧
તીર્થ વ્રત સાધન બહુ કર્યાં, શાંતિ નવ થઇ સ્વામી;
પણ પરમ ગુરૂ પ્રસાદથી, શાંતિ હૃદયે જામી. જય જય૦ ૨
દારા કુટુંબ રાજા દેવતા, સર્વ સ્વાર્થના ગરજી;
પરમાર્થી પરમ ગુરૂપાસે, કોને કરીએ અરજી. જય જય૦ ૩
નિજ મન શાંતિ પામવા, શ્રવણ કર્યા સર્વ ગ્રંથ;
આત્મસ્વરૂપ નિરખ્યા વિના, બાંધ્યા મતના પંથ. જય જય૦ ૪
પાર ના'વ્યો મતપંથનો થાકી મન હારી રહ્યું;
ગુરૂવિના વૃત્તિ વિરમે નહિ, અનવધિ દુઃખ સહ્યું. જય જય૦ ૫
પરમ ગુરૂકરૂણાથકી, અનુભવ ઉર આવ્યો;
મોહને વૃત્તિઓ વશ કરી, મનસુખાને સમજાવ્યો. જય જય૦ ૬

પદ ૧૪. રાગ અખાના નવગરાનો.

અહો મનસુખા રે, વીરા જોને વિચારી;
કાયામાં બોલે તે કોણ છે, એ તે નર છે કે નારી. ટેક.
દ્રષ્ટા દર્શન દ્રશ્ય નહિ, આકાશથી છે અળગું;
જન્મ મરણનું રે ઝાંખરૂં, તુંને ક્યાંથીરે વળગ્યું. અહો મનસુખા રે. ૧

જ્ઞેય જ્ઞાતા ને જ્ઞાનને, અલ્પા કલ્પે છે કાણુ;
ધ્યેય ધ્યાતા ને ધ્યાનથી, રહે છે તે ગાણુ. અહો મનસુબા રે. ૨
પ્રમાતા પ્રમાણુ પ્રમેયથી, શેષ સરજનહાર;
શબ્દાતીત સોહામણો, પ્રીછો પ્રાણુાધાર. અહો મનસુબા રે. ૩
અદ્વૈત અદ્દશ્ય અનુભવી, નેત્રવિના નિરખો,
મોહન મરજીવા થઇ, પરમાનંદ પરખો. અહો મનસુબા રે. ૪

પદ. ૧૫. રાગ કેદારો. અખાના નવગગાનો.

જોજે વીરા રે, મુક્ત ગુરૂ મરજીવા,
મુમુક્ષુને મુક્ત કરે, પ્રકટી જ્ઞાનના દીવા. જોજે વીરા રે. ૧
નિર્મોહ હ્રદયે નિર્મળા, આપાપર ના પેખે.
નિષ્કામી, નરનારના,—દુર્ગુણ નવ દેખે. જોજે વીરા રે. ૨.
નિર્લોભી ધન ને કીર્તિના, પરમાર્થી પૂરા,
આશારહિત ઉપદેશતા, સંતોષી શુરા. જોજે વીરા રે. ૩.
સંશય સંભવ જ્યાં નહિ, અનુભવ છે અખંડ,
સહજ સમાધિ લાગી રહે, નંદો વંદો નવ ખંડ. જોજે વીરારે. ૪
તત્વવેત્તાને તૃષ્ણા નહિ, ભૂખ મનની ભાગે,
તુચ્છ ગણે ત્રૈલોક્યને, મુક્ત મુખથી ના માગે. જોજે વીરા રે. ૫.
નિર્ધન ધનવંત ધ્યાનમાં, સમ દૃષ્ટે દેખે,
મોહન સ્વરૂપે મસ્ત રહે, છો અજ્ઞાની ઉવેખે. જોજે વીરા રે. ૬

પદ. ૧૬. રાગ વેળાવળ.

આવો હરિજન હીરા વ્હોરીએ, ભેદુ સદ્દગુરૂ મળીઆ,
શિરને સાટે સોદા જાણવા, એશ્વ આનંદના વળીઆ. આવો હરિ. ૧.
અડસઠ તીર્થ તો જાણજો, સદગુરૂના ચરણ,
દર્શન કરતાં દુઃકૃતટળે, મટે જન્મ ને મરણ. આવો હરિ. ૨.
જીવાવાનું જરૂર નથી, પિંડ પળમાં પડશે,
અરર આ તે શું થયું, ઋણસંબંધી રડશે. આવો હરિ. ૩.
મન તો જાણે મરવું નથી, જોશીકને આયુ માગે,
ત્રીજી અવસ્થા ત્રાણુ થયાં, તોપણ તૃષ્ણા ના ત્યાગે. આવો હરિ. ૪
પિંડ પાણીનો પરપોટડો, આયુષ્ય અંજલીનું નીર,
ઘેનમાં જીવ ઘેરાઇ રહ્યો, મોહથી જાગો મારા વીર. આવો હરિ. ૫
શાણા જન તો ચેતશે, મૂર્ખને મન હાંસી,

મોહનસ્વરૂપ કહે જીવને, ઓળખો અવિનાશી. આવો હરિ. ૬.

પદ ૧૭. રાગ ઉપરનો.

શાણા બંધુ હવે ચેતીને, મોહનિદ્રાથી જાગો,
ચરણ સેવો સદ્ગુરૂતણાં, માન મોહ તૃષ્ણા ત્યાગો; શાણા.
નામ ને રૂપનો નાશ છે, જેમ ઝાકળનાં મોતી,
તેમ ન તન કોનું ટકે, (જેમ) વિલાય વિજની જ્યોતિ. શાણા. ૨
આ જગમાં કો જીવે નહિ, જન્મ્યા તે જાશે,
નિજ સ્વરૂપ નિરખ્યા વિના, તારી શી ગતિ થાશે. શાણા. ૩
મગરૂરી વીરા મૂકવી, સાથે સત્યધર્મ લેવો,
પિંડ છોડી જાવું અંતમાં, માટે સદ્ગુરૂ સેવો. શાણા. ૪
અધિપતિ ચૌદે લોકનો, ઈશ્વર અંતર્યામી,
બોલેછે તે બીજો નથી, ચિત્તમાં ચિદ્ઘનસ્વામી. શાણા. ૫
સદ્ગુરૂપદને સેવતાં, સંશય સઘળા વામે,
મોહનસ્વરૂપ મહાપદે, પરમાનંદ પામે. શાણા. ૬

પદ ૧૮. રાગ કેદારો.

અહો ભાઇરે, સમજો સદ્ગુરૂની શાન,
કયાંથી આવ્યો ને મારે કયાં જવું, મૂકો મોહનું ભાન;
જન્મ મરણનું જોખમ ટળે, આવે ગુરૂગમ જ્ઞાન. એ ભાઇરે. ૧
ઉરમાં બોલેછે તે કોણ છે, નિજ સ્વરૂપને નિરખો,
રેચક પૂરક કુંભક કરી, પરમાત્મા પરખો. એ ભાઇરે, ૨
ભાગ ત્યાગ લક્ષણા કરી, અંતર બાહિર જોયું,
આત્માવિના કોઇ અન્ય નથી, ચિત ચિદ્માં પ્રોયું. એ ભાઈરે. ૩
ચિદ્ઘન આત્મા સત્ય ને, સ્વપ્રકાશક પોતે,
જીવ ઈશ્વર એકતા કરી, અસિપદ છેજો તે. એ ભાઇરે. ૪
નિર્ગુણ નિજાનંદમાં, નિશ્ચલ ચિત્ત થાએ,
જ્યાં જોઇએ ત્યાં જગદીશ છે, મત પંથ પળાએ. એ ભાઇરે. ૫
મત પંથમાં મુઝાઇ મરે, મનનું મૂળ ન દેખે,
મોહન જે જન જાગશે, તે પરમાનંદ પેખે. અહો ભાઇ રે૦ ૬

પદ ૧૯. રાગ ઉપરનો.

આહા સાચો રે, એહં સોહં સ્વામિ;
ઘટ ઘટમાં ગરજી રહ્યો, બળવંત બહુનામી; આહા૦ ૧

અવિચળ ને નિરાકાર છે, નિર્ગુણ લક્ષથી લહેવો;
કળ્યામાં કોના આવે નહિ, જ્યાં જેવો ત્યાં તેવો; આહા૦ ૨
સૂક્ષ્મથકી પણ સૂક્ષ્મ છે, ચિદ્દ્ઘન અખંડ અદ્વૈત;
ચિદાભાસ પડ્યો ચિત્તમાં, ભ્રમથી ભાસ્યું દ્વૈત; આહા૦ ૩
ચક્રવર્તિને સ્વપ્નુ થયું, પોતે થયો રે ભિખારી;
(તેમ) સંકલ્પે શિવથી જીવ થયો, દુઃખનો અધિકારી; આહા૦ ૪
જીવ તે તો પોતે શિવ છે, મોહનિદ્રાથી જાગે;
ચક્રવર્તિપણું સિદ્ધ થયું, ભૂપ ભીખ ન માગે; આહા૦ ૫
પરમ ગુરૂપદ સેવતાં, દાસોહં આદિ થઈએ:
મોહન કરૂણાથી અંતમાં, દદ્દો મૂકી દઇએ; આહા૦ ૬

પદ ૨૦. રાગ ઉપરનો.

વીરા નિરખો રે, નિજાનંદ સ્વામિ;
ગુરૂગમ કરીને ઓળખો, અવિચલ અંતરજામી. વીરા નિરખો રે૦ ૧
યોગ સાધનને સાધતાં, શેષ તેજ છે ગેબ;
નામ ને રૂપ જે નિરખીએ, તે તો જાણજો એબ. વીરા નિરખો રે૦ ૨
નેત્રવિનાનું નિરખવું, અલૌકિક અગામ:
પુરૂષાર્થવિણ તે જણાય ના, વિદેહ મુકતનું ધામ. વીરા નિરખો રે૦ ૩
અનિર્વચનીય અનંત ને, કેવો તે ન કહેવાયે;
જે જન જાએ ખોળવા, ખોળતાં તો ખોવાય. વીરા નિરખો રે૦ ૪
નિર્ગુણ સગુણ ન સંભવે, પરાથી પણ પરે:
બુદ્ધિ બુડે બાપડી, નિશ્ચય કઇ પેરે કરે. વીરા નિરખો રે. ૫
અનુભવસાગર ઉલટયો, નિજાત્માનંદમાંહી,
મોહન મોજાં જળતણાં, કલના દીસે ન કયાંહી. વીરા નિરખો રે. ૬

પદ ૨૧. રાગ ઉપરનો.

મેં તો સંતો રે, શબ્દાતીત સાધ્યું;
જે ઘરથી ઉત્પન્ન થયા, તે જ ઘર પાછું લાધ્યું. મેં તો. ૧
બાધ છૂટયો બંધમોક્ષનો, ગુરૂગમને જાણી;
પ્રવેશ નહિ જ્યાં પ્રમાણુનો, પહોંચે નહિ જ્યાં વાણી. મેં તો. ૨
નિરંજન નિરાકાર છે, અખંડ અવિનાશી,
વિશ્રામ છે જે વિદેહનું, જાણે કો જીજ્ઞાસી. મેં તો. ૩
જીજ્ઞાસુને લક્ષ આવવા, કલ્પી કલ્પીને કહેવું,
જીવનમુકતને જગત્‌માં, મરજીવા થઈ રહેવું. મેં તો. ૪

જ્યાં જોઇએ ત્યાં છે જગપતિ, દેહ અભિમાન ખોતે,
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં, સાક્ષી પ્રકાશે પોતે. મેં તો. ૫
સાધન સર્વે સમર્પીને, બીડવી બળવિણુ હામ,
મોહન કરૂણા જાગતાં, લાધે મુક્તનું ધામ. મેં તો. ૬

પદ ૨૨. ગરબી.

સમજ ધર મનવા સેલાણી, જાગ્યાવિના જાય છે જીંદગાની.
શિખામણુ સદ્‌ગુરૂની માની; સમજ. ૧
પડવાનો પિંડ નિશ્ચય સાચો, કાયાનો પાયો છે કાચો,
શરીરને રંગે નવ રાચો, સમજ. ૨
બીજે બિજ વાસનાનું બાળી, વિલક્ષણુ વૃત્તિઓ વાળી,
નિરખો નિજ નેત્ર નીચાં ઢાળી. સમજ. ૩
ત્રીજે અંતે તન પડશે તારૂં, બોલવાનું નહિ ઉઘડે બારૂં;
વારે વારે મન તુજને વારૂં, સમજ. ૪
ચોથે સંભાળ લીધી તારી, લીધો જઠરાગ્નિથી ઉગારી;
વિશ્વાધાર મેલ્યા વિસારી, સમજ. ૫
પાંચમે પ્રપંચ પરહરીએ, ચિત્તવૃત્તિ ચૈતન્યમાં ધરીએ;
જીવતાં મહાપદમાંહી ઠરીએ, સમજ. ૬
દુર્જનને કુકર્મથી ડરવું, શઠપણું પણ શઠપ્રતિ ના કરવું,
કારજ ફળવોહોણું ન આદરવું, સમજ. ૭
સાતમે શઠતા ગઈ છુટી, અજ્ઞાનની આવરદા ખુટી;
ગુરૂગમે ગર્વ ગ્રંથી ત્રુટી, સમજ. ૮
અષ્ટાંગે યાદ ઉપદેશ આવ્યો, વિચાર વિવેકને પ્રકટાવ્યો,
મનસુબાને મોહથી છોડાવ્યો, સમજ. ૯
નવમીએ મન નિર્મળ થયું, આવરણુ અવિદ્યાનું ગયું;
અનવધિ સુખ ન જાય કહ્યું, સમજ. ૧૦
દશમે ઇંદ્રિઓને રોકી, ગુરૂગમે બુદ્ધિ પ્રબોધી;
આ મનનું મૂળ જોયું શોધી, સમજ. ૧૧
એકાદશીએ સુરતા સુખ પામી, નિજાનંદ નિરખ્યા બહુનામી;
વ્યાપક સતચિત્ આનંદ સ્વામી, સમજ. ૧૨
બારશે બુદ્ધિ મારી ડૂબી, ખુબ ભાળી સ્વામીની ખુબી;
ચિંતવું નહિ ચિત્તમાં બીજી સુબી. સમજ. ૧૩
તેરશે તૃષ્ણા ટળી તનની, સુરતી સમીપે થઇ ચિદ્‌ઘનની;

ભ્રાંતિ ભાગી સઘળી મારા મનની, સમજ. ૧૪
ચઉદશે સુખ સ્વર્ગનું કેમ એવું, ભાસે મિથ્યા મૃગજલના જેવું;
વૈરાગ્યદ્વારા લાગે વિષજેવું, સમજ. ૧૫
પુનેમે પૂરણ પદ ગ્રહ્યું, શ્રી કૃષ્ણે ઉદ્ધવને કહ્યું;
મોહન મન ચિત્ સ્વરૂપ થયું, સમજ. ૧૬

પદ ૨૩. રાગ ઉપરનો.

ચતુર જન ચેતોને શાણા, આ જગમાં ઉપજ્યા તે અળપાણા;
છોડી સુખ ખાખ થયા રાણા. ચતુર જન. ૧
કૃત્ય સર્વે કાયાનું કાચું, જરૂર છે જાવાનું સાચું;
પત્ર કોઈનું આવ્યું નહિ પાછું, ચતુર જન. ૨
ચોવીશ અવતાર જેહ થયા, રામ કૃષ્ણઆદે જેહ કહ્યા;
જગતમાં જન્મ્યા તે ન રહ્યા, ચતુર જન. ૩
ચેતી જલદી જગદીશ્વર જાણો, પિંડ તે બ્રહ્માંડ પરમાણો.
જીવ ઈશ્વરની એકતા નાણો, ચતુર જન. ૪
માથેછે કાળનો ભય મોટો, દેહનો ભરોસો ખોટો;
ફુટે જેમ પાણીનો પરપોટો, ચતુર જન. ૫
જગતની જુઠી છે બાજી, રખે તમે જોઇને થતા રાજી.
પૂછી જોજો પંડિત ને કાજી, ચતુર જન. ૬
સમાગમ સદ્ગુરૂનો કરીએ, અનુભવ ધ્યાનવિષે ધરીએ,
મોહનલાલ મરજીવા થઈ ફરીએ, ચતુર જન. ૭

પદ ૨૪. રાગ ઉપરનો.

સંગતિ સદ્ગુરૂજીની કરીએ, પ્રપંચ ને પાંખડ પરહરીએ, સંગતિ. ટેક.
પ્રથમ શિષ્ય સદ્ગુરૂને પુછે, સ્વામી સ્વરૂપ મારૂં શું છે,
વૃત્તિ શાથી વૈરાગ્યમાં ખુંચે, સંગતિ. ૧
શિખામણ સદ્ગુરૂની સુજે, બાહિર અંતરમાં બુજે,
જીવનમુક્ત થઇ જગમાં જુજે, સંગતિ. ૨
શત્રુ પાંચે બળથી સંહારી, અનુભવ અંતરમાં ધારી,
નિજ પદ નિરખો નરનારી, સંગતિ ૩
સંકલ્પ દળ જીતે તે શુરા, મળે જેને પરમ ગુરૂ પુરા,
સંશય જેના ક્ષણમાં થતા ચુરા, સંગતિ. ૪
ગુરૂમુખી ગુરૂગમને જાણે, અંતરમાં અભાવ નવ આણે,

મહા સુખ મરજીવા માણે, સંગતિ. ૫
વૃત્તિ સર્વે વિષયથકી વાળી, પરમ ગુરૂનાં વચન પ્રીતે પાળી;
બ્રહ્મવેત્તા સદ્‌ગુરૂને ભાળી, સંગતિ. ૬
માયા જોઈ મનથી નવ ચળીએ, જ્ઞાનહિમાળે જઈ ગળીએ;
મોહન મહા પદમાં અંતે મળીએ, સંગતિ, ૭

પદ ૨૫. રાગ ઉપરનો.

સગપણ સદ્‌ગુરૂનું સાચું, માયા રંગ જોઈ નહિ રાચું, ટેક૦
માયા દેખી મન મારૂ ભમતું, મોહે પચી રાત દિવસ દમતું,
રહેતું નામ રૂપવિષે રમતું, સગ૦ ૧
અજામિલ અધમ મહા પાપી, કર્મબંધ તેના નાંખ્યા કાપી,
સુતને નામે શ્રી હરિને જાપી, સગ૦ ૨
માયાનું કાર્ય બધું કાચું, વિષય સુખ સ્વપ્ના સમું સાચું,
જાગ્રત થઈ ગુરૂકૃપા જાચું સગ૦ ૩
સત્યવાદી પાંડવ તરી સીધ્યા, પરમ ગુરૂકૃષ્ણને જવ કીધા,
અગ્નિમાંથી ઉગારી લીધા, સગ૦ ૪
પરિક્ષતને તક્ષકે દંસ્યા, જન્મેજયને વળગી બ્રહ્મહિંસા,
કુટુંબીથી થઈ ન શકી રક્ષા, સગ૦ ૫
પરીક્ષતે પ્રાર્થના કીધી, શિખામણ સદ્‌ગુરૂની લીધી,
સાત દિવસમાં થઈ સિદ્ધિ, સગ૦ ૬
શિક્ષા જેણે સદ્‌ગુરૂની માની, ટળ્યાં તેનાં વૃદ્ધિ ને હાની,
મોહન તેની છત નહિ રહે છાની, સગ૦ ૭

પદ ૨૬. રાગ ધનાશ્રી ધોળ.

પરમ ગુરૂની પ્રાર્થના.

પ્રાથના કરૂં મારા પરમ ગુરૂ દેવ, તજીને અહમેવ,
સુર નર કરે સેવ, પરમ ગુરૂની પ્રાર્થના. ટેક.
શારદા આદિ સહસ્ત્ર મુખથી, સ્તુતિ કરે નિત્ય શેષ,
બ્રહ્મા વિષ્ણુ સ્તવે બ્રહ્મને રે, મહિમા ગાયે સદા શ્રીમહેશ, પરમ. ૧
વિશ્વનાથ વાસુદેવ સ્વામી, સંપુટે નવ શમાય,
અંતર બાહીર એક આત્મારે પોતાવડે પોતે જણાય, પરમ. ૨
સર્વે બળનું બળ શ્રી ગુરૂ, અર્જુનને કહે શ્રી કૃષ્ણ,
જે જન સદ્‌ગુરૂને સેવશેરે, તેને પરમેશ્વર થાએ પ્રસન્ન, પરમ.
અગમ અગોચર અનિર્વચનીય, અદૃષ્ય દૃષ્ય ન કહાય,

જે જન જાએ ખોળવા રે, ખોળણુહારો તેમાં ખેવાય, પરમ.
નીલ પીત ને શ્યામ ઉજ્વળ, લાલ કહું તો આવે લાજ,
પ્રમાણુ કોઇ પહોંચે નહિ રે, દેવ દાનવના અધિરાજ, પરમ ૫
શબ્દાતીતે સુરતી શમીને, થઈ ગીરા ગગને ગર્ક,
મોહન ચિદ્દ્યન સ્વરૂપમાંરે, મારા ટળી ગયા તર્ક વિતર્ક, પરમ. ૬

પદ ૨૭. રાગ ગરબો.

સુર્તી વિનતિ કરે શુદ્ધ વિચારને.
પિતાજી હું લાગુ તમારે પાયજો,
આ નવદ્વારી નગરીના તમે નરપતિ,
હું હજુ છો કુંવારી કન્યાય જો, સુર્તી. ૧
અમર વર વરવાનો મારે નેમ છે,
અવિનાશીને અર્પ્યું મારૂં અંગ જો.
મનસુબાનું કહ્યું રખે માનતા,
રડ્યો એ તો રંગમાં પાડે ભંગ જો. સુર્તી. ૨
શુદ્ધ વિચાર પિતાને શાંતિ માવડી,
ખોજ કરી ખોળી કહાડો જીવન જો:
મનસુખે માણેક સ્થંભ ચોડ્યો ચોકમાં.
અખંડાનંદ સુર્તીનું છે ધન જો, સુર્તી. ૩
સ્વયં પ્રકાશક સ્વામિ છે સોહામણા,
સુર્તીએ જોયું સ્વામિનું રૂપજો.
સઉ સામગ્રી સોંપી કન્યા દાનમાં,
મોહન મહા પદમાં ભળ્યું નામ ને રૂપજો. સુર્તી. ૪

પદ ૨૮. રાગ સીતાજીના મહિનાનો.

સુર્તી સમાધાન અને વૃતિ વિરામ:

ગુરૂ ગણપતિ ત્રિગુણાતીત, પ્રકાશક પ્રાણના,
સ્વયં સ્વરૂપે સર્વાધાર, છો જાણ અજાણના. ૧
પ્રાર્થના પરમ ગુરૂનું ધ્યાન, યાદી ઉપદેશની.
જીવ ઇશ્વરનો છે અભાવ, સુર્તી સત્તા શેષની. ૨
સતી સર્વ તજીને સંગ, પાળે પતિવ્રતને,
જેહ મુક્તત્વ આપે અખંડ, બાળી પાપ કૃત્યને. ૩
સિદ્ધાન્ત ગહન અતિગૂઢ, અંતર બાહ્ય એબછે.
તે શું જાણે મતિના મૂઢ, ગુરૂગમવિણ ગેબછે. ૪

ચિદ્દઘન સ્વામિને વિયોગ, સુર્તી દશ દિશ ભમી,
જાણી જાય આ વંધ્યાસુત તુલ્ય, નિજાનંદને નમી; ૫.
આપોયું એ અનવધિ રોગ, મહા દુઃખ માનનું,
જેનો છુટયો ચિત્તસંયોગ, તેને ઘર શાનનું. ૬.
સર્વ શાનની સમજણુ શેષ, સદ્દગુરૂની શાનછે,
શાસ્ત્રશબ્દાર્થે ભ્રમ છે વિશેષ, ન મન સમાધાનનું. ૭.

પદ ૨૯. રાગ ધોળ ધનાશ્રી.

સુણો સંત થયું સમાધાન. અખંડ વર હું વરી. ટેક
જડ ચૈતન્ય ન રહ્યું ભાન, અખંડ વર. ૧
સદ્દગુરૂએ કીધી સગાઈ, અખંડ વર.
મારે કરવું નહિ રહ્યું કાંઈ, અખંડ વર. ૨
અનિર્વચનીય અવિનાશી અજ, અખંડ વર.
જેની વડે જીવે કોટીધ્વજ, અખંડ વર. ૩
મેં તો સર્વે સખીને તેડાં કર્યાં, અખંડ વર.
એકઠાં થઇ આવો મારે ઘેર, અખંડ વર. ૪
બુદ્ધિ એનસાથે આવીઆં, અખંડ વર.
લાડવાઇ ને થઇ લીલા લહેર, અખંડ વર. ૫
સર્વ સખીઓ સુર્તીનું અંગ, અખંડ વર.
મોહન આપે લહી નિઃસંગ, અખંડ વર. ૬

પદ ૩૦. રાગ જોગીઓ આશાવરી.

સુર્તા કહે વૃત્તિઓ સાહેલી, સ્વામિ સન્મુખ થાઓ વહેલી વહેલી.
નિજ સ્વામિમાં ચિત્ત પ્રોતાં, માયા મહિયર સામું ન જોતાં,
સ્વામિ સમીપ થતાં ચુક પડશે, અબળા અનવધિ દુઃખમાં આથડશે,
સર્વ બળ છે અધિષ્ઠાન સ્વામિ, તેહ પરમ પીયુને હું પામી,
તે નિજાનંદનું આપણ અંગ, કલના દાસીથી રહેવું અસંગ.
તેને મનસુબાસાથે છે મળતુ, હવે કેમ આવે મારે હળતું,
એવું કહીને આકર્ષણ કીધુ, વિવૃત વૃત્તિનુ બળ હરી લીધું,
ચિદ્દદ્વારા સમર્પણ લીધું, અંગ અનુભવમાં અર્પણ કીધું.
સુર્તી વૃત્તિ પામ્યાં વિરામ, મોહનસિંધુમાં તરંગ તમામ.

પદ ૩૧. રાગ ધનાશ્રીનું ધોળ.

દુહા. પરમ ગુરૂગમ જ્ઞાનમાં, વિરમ્યાં વૃત્તી વૃંદ,
અનુભવ સાગર ઉલટયો, ઉદય થયો આનંદ.
મને મળીઆ સર્વેશ્વર સ્વામિ, આનંદ ઉદય થયો.

પુરણ બ્રહ્મ પુરૂષોત્તમ પામી, આનંદ ઉદય થયો. ટેક.
અનુભવ સાગર ઉલટયોરે, મારે અંગ આનંદ ન માય,
પરમાનંદ પીધુ પરમાત્મારે, જેને વેદશાસ્ત્રાદિ ગાય. આનંદ. ૧
શિવ સદ્‌ગુરૂનું સ્તવન કરેરે, ગુરૂગીતા ગાઈ,
એવા પરમ કૃપાળુ પિતાજીથીરે, સદ્‌ગુરૂ એ કરીરે સગાઇ. આનંદ. ૨
સખી સતનો શણગાર સજીરે, બુદ્ધ થઈ આગેવાન,
ચિદ્‌ઘન સ્વામિમાંહી મળીરે, લહરી ભિન્ન ન સિંધુ સમાન આનંદ. ૩
સોહં સિદ્ધાંતનું ધામ અગમ્યરે, મહા મુક્તની નીધિ,
મોહન ચિત્ત મહાપદમાં શમ્યુંરે, થઇ સ્વયંપ્રકાશક સિદ્ધિ. આનંદ. ૪

આરતી.

જય જય સર્વેશ્વર સ્વામિ, જય જય સર્વેશ્વર સ્વામિ,
ચિદ્‌ઘન સ્વયંપ્રકાશક, બળવંત બહુ નામી. જય જય. ૧
અસ્તિ ભાતિ પ્રિય અનામી, ભરપુરે ભલ્લાં (૨)
કો કહે હર નારાયણ, કોઈ કહે અલ્લા. જય જય. ૩
નિર્મળ નિરાકાર નિરંજન, ધ્યાને નવ આવ્યા (૨)
બીજક કોટિ ખલકનાં, તે કયાંથી લાવ્યા. જય જય ૩
પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરૂની, પ્રાર્થના કીજે, (૨)
આપોપું અર્પીને, ચિત્ત સોંપી દીજે. જય જય. ૪
બહિરંતર અધિષ્ઠાન, અદૃશ્યને નિરખો, (૨)
આરતી મોહન કરીને, હૈડામાં હરખો. જય જય. ૫

પુષ્પાંજલિ.

આરતી આંખવિના જોઈ, ગુંગા થઈ ગાશે, (૨)
સમજણરહિત સમજીને, ચિત્ત સહ શમાશે. જય જય. ૧
સંવિત્ સત્તા કળના, અહંભાવ ન દીસે, (૨)
પ્રીછવિનાનું પ્રીછવું, આપમાં આપવિષે. જય જય. ૨
પુષ્પ પરાત્પર પોતે, લક્ષરહિત લીજે, (૨)
વાસનાસહિત વપુની, પુષ્પાંજલિ કીજે, જય જય. ૩
પરમાનંદ પુષ્પાંજલિ, ચૈતન્ય આભાસે, (૨)
મોહનનિમિત્ત માત્રજ, અણુછતો અધ્યાસે. જય જય. ૪

પદ. રાગ સોરઠ. ચાલ પ્રબંધ.

સોહી ગુરૂ દાતા,
સો સદ્‌ગુરૂ દાતા, કરે સંશય દહીને સુખશાતા, શાતા, સોહીગુરૂ. ટેક
સર્વજ્ઞ સર્વશક્ત ને વિદેહી, પરોપકારી ને સર્વ ભૂત સ્નેહી ;

શ્રદ્ધાસહિત, છુટે ચિત્ત, ઈંદ્રિયજીત, પાળે પ્રીત,
નાહીં અનિત્ય, જક્ત ત્રાતા, ત્રાતા, સોહી ગુરૂ. ૧
અનુભવી પૂર્ણ બ્રહ્મ અપરોક્ષ, આપે ધર્મ કામ અર્થ અને મોક્ષ,
ક્ષોભ ખાળ, છોડે જાળ, દીન દયાળ, પ્રતિપાળ,
પોષે બાળ,જેમ માતા, માતા, સોહી ગુરૂ. ૨
ચિત્રદ્વારા એ સર્વ દેશી મન, અગમ અગોચર અતિ દ્રઢાસન,
નાહીં માન, કરે જ્ઞાન, અમૃત પાન, સમજે શાન,
અભય દાન, દે સુખશાતા, શાતા, સોહી ગુરૂ. ૩
અંતર આશ બહિરતૃષ્ણા સર્વે ત્યાગે,
ઇશપાસ પીંડ પડે પણ ન માગે,
પ્રભુપાસ, છુટી આશ, સર્વાવાસ, ચિદાભાસ,
રહી નિરાશ, ચિદાકાશ, રસ પાતાંપાતા; સોહી ગુરૂ. ૪
ગુરૂતણા સર્વ ગ્રંથે ગુણ ગાય, પૂર્ણ બ્રહ્મ સગુણ ગુરૂરાય,
જાણે ભેવ, ગુરૂ દેવ, પડે ટેવ, ન અહં મેવ,
કરે સેવ, તે તતક્ષેવ, સ્થિર થાતા થાતા; સોહી ગુરૂ. ૫
બંધ મોક્ષતણો બાધ નહિ રેશ, ઐશ્વર્યનું ઐશ્વર્ય ઉપદેશ,
આ પદનું પ્રયોજન, મારે મન, ઘર કે વન, હરિજન,
તેને ધન્ય, કહે મોહન, પૂર્ણ બ્રહ્મ, નહિ ધ્યાન ધ્યેય ધ્યાતા ધ્યાતા, સોહી. ૬

સાત વાર. ગરબી.

નારાયણ ભજીએ નર નારી, વિલક્ષણ વાસના ને વારી, નારાયણ. ટેક
સોમવારે શુભ ઇચ્છા કરીએ, પારકી નિંદા પરહરીએ,
ચિત્ત વૃત્તિ સ્વરૂપ સમીપ ધરીએ, નારાયણ. ૧
મંગળ થાવા નિજ રૂપે રહેવું, કઠિણ વચન કોઈને નવ કહેવું,
પરમ ગુરૂજ્ઞાન અમૃત ગ્રહેવું. નારાયણ. ૨
બોધક બુદ્ધિ અંતરથી જાશે, જીવપણું શિવમાં શમાશે,
ચિદ્દ્ઘન ચૈતન સિદ્ધ થાશે, નારાયણ. ૩
ગુરૂ દેવાધિદેવ ગણાએ, સદા શિવગીતામાં ગાએ,
કરૂણાથી નારાયણ થાએ, નારાયણ. ૪
શુક્રવારે સિદ્ધ થયા સ્વામિ, અંતરમાં પ્રકટયા અંતર્યામી,
નારાયણ નિરખ્યા બહુનામી, નારાયણ. ૫
શનિવારે સંશય સૌ બાળી, વિવેકે વાસના લિંગ ગાળી,
ભરપૂર બ્રહ્મસત્તા ભાળી, નારાયણ. ૬
રવિ તેજ અનુભવ અજવાળું, નારાયણ નિજ પદ નિહાળું,

મોહન મન મહા પદમાં ગાળ્યું; નારાયણ. ૭.

સાખી—ગુરૂબોધ જે ગ્રહણ કરે; આત્માંકિત નિજરૂપ,
મોહન સાતે ભૂમિકા, સિદ્ધ કરે જ સ્વરૂપ.

ચોપાઇ.

બુધહી બોધ જબ દિયો હે ગોવિંદા, ઇચ્છે મુક્તિ છુટે ભવ ફંદા,
કરે હરિભક્તિ કથા ગુરૂસેવા, પૂજે ભક્તિ નિરંજન દેવા,
શ્યામ મીલનકો ચાહે અનંતા, પ્રથમ ભૂમિકા ચડે સોઈ સંતા. ૧
ગુરૂ જ્ઞાની જો શબ્દ ઉચારે, તાસું વારવાર બિચારે,
સુક્ષ્મ દૃષ્ટિ લઇ અનુભવ જોઈ, નિત્યાનિત્ય વિવેકજુ હોઈ,
પ્રભુસેં પ્રીત જગત્ ઉદાસા, દુજી ભૂમિકા હૈ સતબાસા. ૨
શુક્ર જીતી મન ઇંદ્રિકો લાવે, સગુણ નિર્ગુણ સમાધિ લગાવે,
બાહિર વૃત્તિ મીટે વિશેષા, અંતર હોકે આત્મા દેખા,
ભય તજી નિર્ભય મન લલચાના, ત્રીજી ભોમીકા બેદબખાના. ૩
શનૈ શનૈ મગ્ન ભયો મનમાંહી, આપે બ્રહ્મ ઔર કોહુ નાહીં,
એક અખંડ અદ્વૈત સુખ પાયા, સ્વપ્નસહિત સબ દ્વૈત બિલાયા,
ત્વંપદ ભયો તત્નામ સંયુક્તા, ચૌથી ભૂમિકા જીવનમુક્તા. ૪
આદિત્ય અનુભવ એક ઉજીઆરા, તામેં લીન ભયા ગણુ તારા,
બ્રહ્માનંદમેં રહ્યો શમાઇ, ઔર સંગ કોહુ ભાવત નાહીં,
જ્ઞાન બોધ હૈ હૃદય અપારા, પંચમી ભૂમિકા સોઈ નિર્ધારા. ૫
સો મેં નિર્મળ હોત પ્રકાશા, ચૈતન્યમેંહિ કરત નિવાસા,
જો સુખ હોત સુષુપ્તિમાંહી, બીન જગાએ જાગત નાહીં,
જીહાં દેખે ત્યાં બ્રહ્મ હિ દેખે, છઠ્ઠી ભૂમિકા વિશ્વ ન પેખે. ૬
મંગળ રૂપ હોઈ રહે સોહી, આપહી બ્રહ્મ ઓર નહિ કોઈ,
તુર્યાતીત જો સ્વરૂપ કહાવે, ધ્યેય ધ્યાતા દૃષ્ટિ મેં ન આવે,
શુદ્ધિ ન તન સંકલ્પ નિવારે, કચ્છપ અંગ યથા મતિ વારે. ૭
બ્રહ્માનંદ રહ્યો રસ ભોગી, તન અભિમાન રહિતે સો યોગી,
ભાવે ભોજન દેવ લે આવે, ભાવે અંબર લાય ઓઢાવે,
પ્રારબ્ધ લગે રહે વપુ ઐસેં, દેખત માત્ર દમતેં પટ જૈસે. ૮
કોઈ દિન શરિર ફીરત હે અબદ્ધા, ભોયંગ કાંચલી ભિન્ન ન બદ્ધા,
સપ્તભૂમિકા વસિષ્ઠ સુનાવે, જન હરિરૂપ હરખી ગુણ ગાવે.

સાખી—ભૂષણરૂપ આ ભૂમિકા, જીવનમુક્તની જાણ,
મોહન મરવું જીવતાં, નિર્ભય પદ નિર્વાણ; ૧

સોરઠો—શ્રીગુરૂ પરમ નિરાશ, ખાસો શ્વાસ સંભારીએ,
મોહન બારે માસ, જગમાં સહુ ભટકી મરે.
દોહરો—મુરખ બાહિર ઢુંઢતા, ઘટ તજી સ્વયંપ્રકાશ,
ઘટમેં મોહનસ્વરૂપ તો, બોલત બારે માસ.
ચોપાઇ—કારતગે કૌન બોલત હે ભાઈ, લક્ષ કરીકે રહ્યો લોલાઇ,
શમ દમ કરીકે સુર્તી શોધી, પ્રેમ કરીકે બુદ્ધિ પ્રબોધી.૧
સાખી—પરમગુરૂ પરમાત્મા, નમો નારાયણ રૂપ,
મોહન નિમગ્ન હોય કેં, નિરખત નીજ સ્વરૂપ.

ચોપાઇ.

માર્ગશિર્ષે મન કરત બિચારા, કૌનહું મેં અરૂ કયા સંસારા,
કાયકો ન કહત હેં કાયા મેરી, ક્ષણુમેં હોવે ખાખકી ઢેરી. ૨
સાખી—સ્વપ્નતુલ્ય સંસાર હે, મિથ્યા માયા ભાન,
મોહન મનકો જીતકેં, ગ્રહીએ સદ્‌ગુરૂ શાન.
ચોપાઈ—પોષે પીંડ બ્રહ્માંડ કહાવે, નામરૂપ નિશ્ચય ન રહાવે,
અવિદ્યા કરકે ભ્રાંતિભાસે, અંતર બાહિર આતમ પ્રકાશે.૩
સાખી—વિવેકસેં નિજ વશ કરો, મહા મોહલિન મન,
મોહન મન નિરોધકા, જુરૂર કરના યત્ન.
ચોપાઇ—મહામોહતેં મન ભરમાયા, જ્યૈં સ્વપ્નેમેં પદાર્થ પાયા,
જબ જાગે તબ જુઠા જાને, ત્યૈં જાગૃતકોં મિથ્યા માને.
સાખી—સ્વપ્ન અરૂ જાગૃત્ ગિને, દોનો મિથ્યા ભર્મ,
મોહન મનકોં જીતના, ઓહી ઉત્તમ કર્મ.
ચોપાઈ—ફાલ્ગુન ફુલ્યા સો કરમાય, તૈસેં ઉપન્યા સો અલપાય.
પ્રપંચ હે સબ મિથ્યા માયા, કારન કાર્ય ન કલ્પિત માયા.
સાખી—કારણુ કાર્ય ન હેં કછુ, નામ રૂપ હે નાશ,
મોહન નિશ્ચયસેં રહે, નિર્ભય અરૂ નિરાશ.
ચોપાઈ—ચૈત્રે સ્વર્ગ લોકકો જાવે, યજ્ઞ વ્રત તપ તિર્થ નહાવે,
વેદ પઢીકે પંડિત કહાવે, મન જીતેબિન મુક્તિ ન પાવે.
સાખી—મન બસ સો હિ મુક્ત હે, સો હિ બુદ્ધિવંત,
નિજ મુખતે માગે નહિ, મોહન સોહિ સંત.
સુખ અરૂ દુઃખ સામાન્ય હે, અનુભવ હુએ અભિન્ન,
મોહન સંયમી જાનતા, દેવ સકલ કોં દીન.
ચોપાઇ—વૈશાખે મનકો બશ કીના, અંતર બાહિર આત્મા ચીના,
ઇહ અમુત્ર આદિ ચતુર્દશ લોક, દ્દશ્ય પદારથ મિથ્યા ફોક.

સાખી—પ્રકાશ્ય પ્રકાશાદિ યહ, અદ્રશ આત્મારામ,
મોહન નિજ સુખ સ્વરૂપમેં, પાયો મન વિશ્રામ.
ચોપાઈ—જયેષ્ટે યોગ શાસ્ત્ર સબ દેખા, પરાપાર પરમાનંદ પેખ્યા,
શબ્દાતીત અનુભવ આયા, પરમ ગુરૂગમસેં સુખ પાયા.
સાખી—પ્રમાણુ કોઉ પહુંચે નહિ, ગુરૂ શિષ્યતેં શેષ,
મોહન મુખસે ક્યા કહે, અગાધ હૈ ઉપદેશ.
ચોપાઈ—અષાઢે હે જ્ઞાન અખંડા, સદ્બ્રહ્મોહંપીંડ બ્રહ્મંડા.
જીવ ઇશ્વર યહ ભેદ નભાસે, ચિદ્ઘન બ્રહ્મ હિ સ્વયં પ્રકાસે.
સાખી—જ્યૌં અગ્નિમેં ઉષ્ણુતા, ત્યૌ જગમેં જગદીશ,
બિન નયનોકા નિરખના, બિન બુદ્ધિકી પ્રીછ.
જબ પ્રિછે પરઆત્મા, અખંડ એકાકાર;
તબ મોહન સો મુક્તહે, વિદેહ વિશ્વાધાર.
ચોપાઇ—શ્રાવણુ છુટ ગયે હૈ માન, ગીતામેં કહે શ્રી ભગવાન;
નિર્માન મોહાજિતસંગદોષા, શ્રાવણુ માસે મન સંતોષા.
અંતર નિર્મમ અરૂ નિષ્કામ, સો પાવત પરમાનંદ ધામ.
સાખી—પરમાનંદ નિજ પદવિષે, લક્ષ ભયો હૈ લીન;
મોહન આતમ સ્વરૂપમેં, નહિ દાતા અરૂ દીન.
ચોપાઈ—ભાદ્રપદે વહે અમૃતસ્ત્રાવા, નિંદા સ્તુતિકરો કોઉ બાવા;
શત્રુમિત્ર ન ભેદ રહાવે, શબ્દાતીતમેં સુરત શમાવે.
સાખી—દુર્ગુણુ કછુ દેખે નહિ, સો હિ કહાવે સંત,
મોહન બ્રહ્માગ્નિ વિષે, દુર્જન વચન દહંત.
ચોપાઈ—આસોમાસે અનુભવ હોઈ, સમ હૈ ભલા બુરા કહો કોઈ;
ગુરૂમુખી સદગુરૂ બ્રહ્મહી પેખે, અનધિકારી મનુષ દેખે;
દ્વાદશ માસ પુરણુ પદ પાયા, મોહનસ્વરૂપ સ્વરૂપ શમાયા.
સાખી—સ્વરૂપમેં મન શમનતેં, આનંદ હુવા અપાર;
મોહન નિજ આનંદમેં, સ્વપ્નતુલ્ય સંસાર.
સ્વપ્નતુલ્ય સંસાર હૈં, મિથ્યા માયાભાન;
મોહન મોહ મીટાદીયા, ગ્રહી સદ્ગુરૂ શાન;
સાખી—પરમગુરૂ પરમાર્થી, સન્મુખ આવે શિષ્ય,
મોહન સોહિ સદ્ગુરૂ, બોધ કરે બક્ષીસ. ૧
સદ્ગુરૂ સ્વાર્થી તે નહિ, નહિ લોભી લવ લેશ,
મોહન મહા પુરૂષ સો, દેત જ્ઞાન ઉપદેશ. ૨

કરૂણાળુ સદ્‌ગુણનિધી, નિત્યાનિત્ય વિવેક,
મોહન તૃષ્ણા ત્યાગીકે, આત્મતૃપ્ત રહે નેક. ૩
આશા કોહુકી ના કરે, રહત સદા નિષ્કામ,
મોહન સોહી સંતહે, મુખતેં ન માગે દામ. ૪
સદ્‌ગુરૂ સોહી સેવીકે, ધર્યા ચરનમેં શીષ,
ધર્મ અર્થ મોક્ષાદિકો, દરસાયા જગદીશ. ૫

દોહરા—હસ્તીપદમેં સર્વ જ્યોં, (ત્યોં) ગુરૂપદ સર્વ સ્વરૂપ,
બોલનહારા અવર ના, શબ્દાતીત સ્વરૂપ. ૧
જગણ ભગણ જાનું નહિ, શાસ્ત્ર કાવ્ય રસભેવ,
મોહન તનમન અર્પીકે, નમતહિ સદ્‌ગુરૂ દેવ, ૨

આરતી.

જય જય ચિદ્‌ઘન સ્વામી, જય જય ચિદ્‌ઘન સ્વામી,
અખંડાનંદની કરૂં આરતી, જય જય સચરાચરગામી, જય જય
સચ્ચિદાનંદ સ્વયંપ્રકાશક. અભેદ અંતર્યામી, (૨)
અસ્તિ ભાતિ પ્રિય અવિનાશી, નિરંજન નિષ્કામી.
અનંત કોટિ બ્રહ્માંડના ઈશ્વર, નિરાકાર બહુનામી,
અખંડાનંદની કરૂ આરતી, જય જય ચિદ્‌ઘન સ્વામી.
પરાપાર વાણી નવ પહોંચે, અનિર્વચનીય અગામી,
પ્રેમપૂર્વક આરતી કર ધરી, હરિજન ભાંડે હામી.
મોહન નિજ સતઘન સ્વરૂપે વૃત્તિ સર્વ વિરામી,
અખંડાનંદની કરૂ આરતી, જયજય ચિદ્‌ઘનસ્વામી.

આરતી ૨.

આરતી ઉતારૂ સદ્‌ગુરૂ સ્વામી, અખંડ પદ અવિનાશી,
શુદ્ધ હૃદયમાં આરત ઉપજી, અખંડાનંદ ઉપાસી, આરતી. ટેક.
ચારે મુક્તિ સદ્‌ગુરૂ ચર્ણે, કોટિ તીર્થ ને કાશી,
પૂર્વ જન્મનાં પાપપ્રજાળી, છોડાવી ચોરાશી. આરતી. ૧
નવનિધિને અષ્ટમાસિદ્ધિ, નિરંતર ચર્ણનિવાસી,
અહો ગુરૂજી હું એ નિજ પદમાં, નિર્ભય રહું નિરાશી. આરતી. ૨
વાસના બીજની બત્તિ સળગ્યે, સત્તા બ્રહ્મની ભાસી,
મોહનલાલ તન મન સમર્પ્યે, પરમ જ્યોતિ પ્રકાશી. આરતી. ૩

આરતી ૩.

સદ્‌ગુરૂએ કીધી સાહ્ય, આરતી ઉતારૂં,
હાવે પ્રીછયા પ્રાણાધાર, મન હરખ્યું મારૂં; સદ્‌ગુરૂ૦ ટેક

ગુરૂદેવાધિદેવ, પોતાનું બિર્દ પાળો;
હું કુમતિનો અહમેવ, તાપ ત્રિવિધ ટાળો. સદ્ગુરૂ૦ ૧
અમને અંતરમાં આરત, આપો અવિનાશી,
સદ્ચિદાનંદ સ્વરૂપ, નિરખું નિરાશી. સદ્ગુરૂ૦ ૨
દીનબંધુ દીનદયાળ, ચરણે હું આવ્યો;
સદ્ગુરૂ લેશો સંભાળ, પોતાનો કહાવ્યો. સદ્ગુરૂ૦ ૩
મને મળીયા સદ્ગુરૂ શ્યામ, અખંડ સુખ આપ્યું;
મોહન જીવન વિશ્રામ, દારિદ્ર દુઃખ કાપ્યું. સદ્ગુરૂ૦ ૪

હોરી. રાગ કાફી.

સદ્ગુરૂસંગ ખેલો હોરી, અનુભવ અપનો કરોરી. સદ્ગુરૂ૦ ટેક.
શુભ ઈચ્છા સતશાસ્ત્ર સામગ્રી, જ્ઞાન ગુલાલ ગ્રહોરી,
શુદ્ધ વિચાર સત્ય ચુવાચંદન, વાસના દૂર કરોરી,
સુધર્મ સુગંધી ધરોરી, સદ્ગુરૂ૦ ૧.
કરણી કંકુ કરૂણા કસ્તુરી, ક્રિયાકો કેશર ઘોરી,
વૈરાગ્ય રંગ ભરો ઘટભીતર, કો વિવેકીકો જાત કહોરી,
વસંતઋતુ જાત બહોરી, સદ્ગુરૂ. ૩.
ફાલ્ગુન માસે વન તન ફુલ્યો, ઘડિ પલમેં જાન ગીરોરી,
પલ ગયા સો પીછે નહિ આવે, કાહેકુ બિલંબ કરોરી,
રંગ ઓહંગ સોહંગ રમોરી. સદ્ગુરૂ૦ ૩.
મનુષ્યાદેહ દેવતાને દુર્લભ, પરનિંદા પરહરોરી,
મોહન ફગવા મીલ્યા સંપૂર્ણ, ભરપુર ફસલ ભરોરી,
પરમ ગુરૂ ચરણ પરોરી, સદ્ગુરૂ. ૪.

હોરી. રાગ કાફી.

પરમ ગુરૂને રંગ રચાયો, સ્વરૂપ નિજ પદ પરખાયો. પરમ૦ ટેક.
પ્રેમપીચકારી શ્રોત્રમેં મારી ભીતર સબ ભીજવાયો,
ત્વંપદ તત્પદ એકતા કરીકે, અસિપદ એકતા આયો,
રોમ રોમ રંગ મચાયો, પરમ૦ ૧.
વિશ્વવૃંદાવન વસત વાસુદેવ, જળ સ્થળ વિષ્ણુ વધાયો,
ઘટ ઘટ બંસી ગોપાલ બજાવે, શબ્દાતીત સોહાયો,
કોન બિધિ જાત કહાયો, પરમ૦ ૨.
પચરંગી જામા પિતાંબર શોભે. બહુરંગી બાગ બનાયો,
હરદમ હોરી રમે રંગ રસીયો, જહાંજેસો વહાં તેસો જનાયો,
ગુણાતીત ન જાત ગણાયો, પરમ૦ ૩.

મરજીવા મુહૂર્ત ન દેખે, વિરહ વસંત વરતાયો,
ચોવીશ તત્વકી છાબ બનાકે, અજ્ઞાન અબીર ઉડાયો,
અનુભવ અગ્નિ જગાયો, પરમ૦ ૪
બ્રહ્મહુતાશન જ્યોતિ પ્રકાશી, દંદ્વાતીત દરસાયો,
મોહન માયા શ્રીફળ સ્વાહા, સ્વયં જ્યોતિમેં જ્યોતિ સમાયો,
ગીરા મેં ન જાત ગ્રહાયો, પરમ૦ ૫

પદ. હોરી.

હરદમ ખેલો હોરી, બંધુ હરદમ ખેલો હોરી. ટેક
કૌન હેં મેરા અરૂમેં કાસીકા, દિલમેં બિચાર કરોરી,
કહાંસેં આયા અરૂ, કહાં જાઓગે, ગુરૂકે પદમેં પરોરી,
કાલસેં ક્યોં ન ડરોરી, હરદમ. ૧
બાહિર ભિતર કોન બોલતહે, કૌન ડોલાવત ડોરી,
સુત્રધારકોં સિદ્ધ કરીકેં, ખેલ મચાવો ખરોરી,
ધિરજ બંધુ ક્યોં ન ધરોરી, હરદમ૦ ૨
નિત્યાનિત્ય વિવેક કરિકેં, અંતરમેં ઉતરોરી,
ઓહં સોહં શબ્દ પહેચાનો, ભવસાગર સહજે તરોરી,
ફુલ્યા તુમ કાહેકો ફીરોરી, હરદમ૦ ૩
જીવ ઇશ્વિરકી એકતા કરીકે, અસિપદ ઉરમેં ધરોરી,
જ્ઞાન ગુલાલ ભર્યો ઘટભિતર, એક રંગમે રંગ મીલ્યોરી;
બ્રહ્માંડ જલમે જલ્યોરી, હરદમ૦ ૪
ચિદ્ ઘન આનંદ સ્વયં પ્રકાશક, ભરપુર સભર ભરયોરી,
મોહન સ્વરૂપ નિમગ્ન ભયે હે, ચિદ્‌મેં ચિત્ત ઠરયોરી;
ન કીસ બિધ જાત કહ્યોરી, હરદમ૦ ૫

હોરી. પરજ.

જ્ઞાન કૌન કહો જ્ઞાની રે, મોકું કહી સમજાવો જ્ઞાન૦ ટેક૦
જ્ઞેય જ્ઞાતા જ્ઞાન જહાં નાહીં, કીસ બિધ જાત કહાનીરે.મોકું. ૧
ગ્રાહ્ય ગ્રાહકબિના ગીરા ન પહોંચત જીહાં ડુબત બુદ્ધિ અરૂ બાનીરે. મોકું. ૨
અગમ અગોચર અનહદ અનુભવ જહાં ધ્યેય ધ્યાન નહી ધ્યાનીરે.મોકું. ૩
મોહન ઉનમુની સ્વરૂપ ચિન્યોહે શાહેરમેં લહેરી શમાણીરે. મોકું. ૪

ગરબો.

પુરવને પુણ્યેરે ગુરૂ મુજને મળ્યા,
અંતરજામી અબલાના આધારજો, ટેક.

સુર્તી શોધન કરતી સદ્ગુરૂ દેવનું,
ક્યારે મળશે સ્વામી સરજનહારજો. પુરવ. ૧
તીરથ વ્રત સાધનરે સખી મેં બહુ કર્યા,
તોપણ વૃત્તિ પામી નહિ વિશ્રામ જો,
મનસુઓ દેખાડે મિથ્યા સુખને,
ગુરૂગમવિના ઠરી ન બેસે ઠામ જો. પુરવ. ૨
વેદ પુરાણ શાસ્ત્રરે સર્વે ગ્રંથમાં,
ગુરૂકૃપાનો મોટોછે મહિમાય જો,
પરમગુરૂ સમર્પણ પાળવું દોહ્યલું,
વાસનાલિંગ ગળે તો વૈષ્ણવ થાયજો. પૂરવ. ૩
શિવબ્રહ્મા વિષ્ણુરે શ્રીમુખે કહે,
ગુરૂપ્રસાદે સત્વર શાંતિ થાયજો,
શેષ ઇંદ્ર ઇચ્છેરે સદ્ગુરૂ દેવને,
પરમ ગુરૂ દેવાધિદેવ ગણાય જો. પુરવ. ૪
પછી પ્રાર્થના કરીરે સદ્ગુરૂ દેવની,
ચિત્તદ્વારાએ શુદ્ધ કર્યો વિચારજો,
પદ્માસન વાળ્યુંરે પિયુને પ્રીછવા,
નેત્ર મુંદીને રોધ્યાં દશે દ્વારજો. પુરવ. ૫
બાહિરની વૃત્તિ અંતરમાં ઉતરી,
નિવૃત્તિને પામ્યું મારૂં મનજો,
યાદી મુજને આવીરે સદ્ગુરૂગમની,
સમર્પ્યું સદ્ગુરૂને તન મન ધનજો. પુરવ. ૬
સુખદાઈ સંબંધીરે સખી મુજને મળ્યાં,
વિવેક વિચાર શાંતિને સંતોષ જો,
ભક્તિશ્રદ્ધા માતા ભેટયાં મુજને,
દહન થયા હવે અનંત જન્મના દોષજો. પુરવ. ૭
પરમાનંદનું પદ રે વિરલા પામશે,
વેદાંત ભણીને ભાષણ કરવું સહેલજો,
સિદ્ધિઆદિ સાધન સઘળાં થઈ શકે,
મોહનલાલ એક મન જીતવું મુશ્કેલ જો. પુરવ. ૮

પદ. ગરબી.

વશ માન અહંકારને મુકીએજો, સદ્ગુરૂનાં વચન નવ ચુકીએજો, વિશ.

વિરા અનવધિદુઃખછે અહંકારનું જો, ભર્યું શકટ માથે લેવું ભારનું જો, વિરા.
માથેથી પાપનું પોટલું મેલશે જો, તેને સંસાર તરવો સહેલ છે જો. વિરા.
તારા વેરી તુજમાં વિચારની જો, કામ ક્રોધ લોભ મોહને મારની જો, વિરા.
સાધન કરવું સરજનહારનું જો, સ્વપ્ન જેવું છે સુખ સંસારનું જો,- વિરા.
તીર્થ સાધન વ્રત્ત કરવાં સેલછે જો, મોહનલાલ મન જીતવું મુસ્કેલછે જો, વિરા.

પદ. ગરબી.

ભાઈઓ ભાવથકી ભક્તિ કરો જો,
ફરી મનુષ્યાદેહ ના ધરો જો, ભાઇઓ. ટેક.
પ્રેમપ્રિતે અનુભવ આણીએ જો,
શિરસાટે સોંઘા હરિને જાણીએ જો, ભાઇઓ. ૧
દેહ છુટે પણ દયા નવ મુકીએ જો,
કોપે કર્તાર તોયે ન સત્ય ચુકીએ જો, ભાઇઓ. ૨
જુઓ પ્રલ્હાદને પિતાએ પીડીયો જો,
તાતોસ્થંભતેણે બાથમાં ભીડીઓ જો, ભાઇઓ. ૩
ભક્તિ વર્ણવી ન જાયે વાણીએ જો,
મોહનલાલ મરજીવા થઇને માણીએ જો, ભાઇઓ. ૪

પદ. ગરબી.

વિરા મન જીતવું મુસ્કેલછે જો, ગાવું શિખવું સાંભળવું સહેલછે જો, વિરા.
બંધ મોક્ષનું કારણ મન છે જો, કેમ કહેવાય જડ ચૈતન્યછે જો, વિરા.
હર્ષ શોકમાનીંદી એ મનની જો, તેથી તૃષ્ણા ટળે નહિ તનની જો, વિરા.
સંકલ્પવિકલ્પ સુખા મનના જો, કર્મકલેશ ટળે નહિ તનના જો, વિરા.
જેને ગુરૂગમ આવી મનમાં જો, મોહનલાલ સુખે વસે શહેરવનમાં જો,

પદ. ગરબી.

શાણા સમાધાન કરો નિજ મનનું જો,
જરૂર કારણ નથી જગત કે વનનું જો, શાણા. ટેક
પ્રથમ પ્રાણપ્રકૃતિને રોધીએ જો,
પછી મનના મૂળને શોધીએ જો, શાણા. ૧
મન ચૈતન્યસાગરની લહેર છે જો,
વિવેક વિચારસાથે વેર છે જો, શાણા. ૨
મન જડચૈતન્યની મધ્ય છે જો,
ગુરૂગમ આવવાની અવધ્ય છે જો, શાણા. ૩

જેનું સ્વયંપ્રકાશમાં ચિત્ત છે જો,
મોહનલાલ મનતન કલ્પિત છે જો, શાણા. ૪

પદ. ગરબી.

સદ્‌ગુરૂનો ઉપકાર ન સખી હું વિસરૂં, ટેક.
કૃપાનાથે કરયો મુજને ઉપદેશ જો,
સ્વપ્નાનાં સુખડાં રે મને ગમતાં નથી,
વિચારી જોતાં આત્મસુખ વિશેષ જો. સદ્‌ગુરૂ૦ ૧
દેહતણા સંબંધી રે સ્વાર્થના સગા,
કુટુંબ સઘળું ધન દેખીને ધાયજો,
જન્મમરણનું કષ્ટ કોઇ લેતું નથી,
હરિગુરૂવિના દુખડાં નવ હરાય જો, સદ્‌ગુરૂ૦ ૨
માતા ને પિતા રે સંબંધી શરીરનાં,
અંતકાળે કોઈ નહિ આવે કામ જો.
વિષયનાં સુખડાં રે ચિત્ત તું છોડજે,
મોહ તજી મન પરમગુરૂપદ પામ જો, સદ્‌ગુરૂ૦ ૩
સદ્‌ગુરૂવિના રે સુખદાઇ કો નહિ,
ધર્મ અર્થ ને કામ મોક્ષ દાતાર જો.
મહાદેવજીએ પારવતીપ્રત્યે કહ્યું,
ગૌરી ગ્રહો ગુરૂગીતાનો સારજો, સદ્‌ગુરૂ૦ ૪
સદ્‌ગુરૂ સેવ્યાનાં ફળ રે હું શું કહું,
બ્રહ્મા વિષ્ણુ શિવ ગુરૂ ગુણ ગાયજો,
વેદ પુરાણાદિ રે ગુરૂને વર્ણવે,
મોહનલાલ પરમ ગુરૂપદમાં શમાયજો, સદ્‌ગુરૂ૦ ૫

પદ. રાગ પરજ.

પ્રાર્થના કરો પરબ્રહ્મનીરે, જુઠો જાણી સંસાર રે,
નિજ સ્વરૂપને નિહાળીએ, શુદ્ધ કરીને વિચાર રે. પ્રાર્થના. ટેક.
કાયા ચવેણું છે કાળનું રે, ખાણુ ચારે ને ખાય રે,
નામ ને રૂપ તો રહે નહિ, ઉપન્યું તે અળપાય રે. પ્રાર્થના. ૧
રાજા પ્રજા તો રહે નહિ રે, દેવી ને દેવતાય રે,
કાળ તો કોને છોડે નહિ, પીંડ ધર્યો તે પળાય રે. પ્રાર્થના. ૨
માથે ચક્ર છે મોતનું રે, નહિ ઉગરવાની આશ રે,
જીવ પડ્યા માયાજાળમાં, આરાધોની અવિનાશ રે, પ્રાર્થના. ૩
મોહનલાલ કહે મનને રે, મૂકી દેજે તું માન રે,

પરમ સુરૂપદને પ્રીછજો, સમજી સદ્ગુરૂની સાન રે, પ્રાર્થના. ૪

સવૈયાની ચાલ.

આત્મા એકડે રહેજે, પુરણ બ્રહ્મ છે એકડો આંક,
બગડો પદ છે માયા કેરો, ત્રગડામાં તો છે ત્રણુ વાંક.
ચોગડે ચારે ખાણો ફરીશ જ, પાંચમો પંચમહાભૂત,
છગડે મન ઈંદ્રિને અર્પ્યું, સાતડો છે વિષય સ્વરૂપ.
આઠડે કર્મ આડાં સ્ફુર્યા, નવડે નાંગળ નાંખ્યાં,
મીંડે તો મહા શુન્યમાં પડીઓ, ઘેરી ઘેનમાં રાખ્યાં.
સત ગુરૂ સંગે નવલે રંગે, એમ થાયે રસ રૂપે,
મોહન સ્વરૂપ મહા પદ વીલસે, ચિદ્‌ઘન સુખ સ્વરૂપે. આત્મા.

દોહરો.—મોજા દ્વારે અહંમમ, નામ વર્ણ ગુણ રૂપ,
મોહન નિજ નિહાળતાં, નહિ છાયા નહિ ધૂપ.

પદ. રાગ સીતાના મહિનાનો.

મોહન નિજ સ્વરૂપની મોજ, નાના રૂપે દેખીએ,
ક્ષણે ક્ષણે કરતાં ખોજ, પરમ જળ પેખીએ;
વીરા વૃત્તિ જો થાયે વિવૃત્ત, પણ ખોજ ન ખાળીએ,
સાધક શૂરા થઈ નિવૃત્ત, આપોપું ટાળીએ.
અનવધિ અપરોક્ષ ધામ, જાણ રહિત જાણજો,
નિજાનંદ જે સુખનું ધામ, મરજીવા થઈ માણજો;
વિલક્ષણ છે વાસના લિંગ, ગુરૂગમે ગાળીએ,
સદ્‌ગુરૂને ના હોય શિંગ, બ્રહ્મજળ ભાળીએ.
જેમ અનિલ ચઢે આકાશ, ધરણી નાવે ધ્યાનમાં,
મોહન સ્વરૂપ નિર્ભય નિરાશ, મતિ ગળે જ્ઞાનમાં.
ગુરૂગમ છે ગુંગાની શાન, ઝીણા થઇને જાણીએ,
મોહન સ્વરૂપે ટળીયું માન, મહા સુખ માણીએ.

પદ. રાગ જોગીઓ આશાવરી.

અહો બંધુ તમોને ધન્ય, મહામુકત પરમાનંદ મન્ય,
નિજાનંદ છે અર્ણવ એક, મન મોજાં ઉઠેછે અનેક;
વૃત્તિ લહેર ઉઠેછે અપાર, ખોજવિના કરેછે ખુવાર,
માણે મૃગજળનાં સહુ સુખ, વિષય વિષને જાણે પિયુખ;
વૃત્તિઓનો વિલક્ષણ ધર્મ, માની આપોપું કરેછે કુકર્મ,
પરમાત્માને દેઈ પૂઠ, ભરે ઉષના મોતીની મુઠ;

જો ગુરૂગમતણો આવે વિવેક, મોહન સ્વરૂપ નિજ સીધું છે એક,
અનુભવ સાગર છે અદ્વૈત, મોજાં લહેરો ઉઠે અગણિત;
બ્રહ્મવેત્તા બ્રહ્મજળ ભાળે, સદ્દગુરૂમુખી સંશય ટાળે,
ક્ષણે ઉઠે અહંનો મોજો, તે અમૃત જળ વ્યાપક જોજો;
ક્ષણે જે જે મોજાં આવે, જેમનું તેમ જળ જ કહાવે,
જેને ગુરૂગમ છે દૃઢ યાદી, જાણે અમૃતજળ અનાદિ;
વૃત્તિદ્વારા વિવૃત હોય, તત્વવેત્તાને ભાસે તોય,
બ્રહ્મજળથકી નહિ ભિન્ન, મોહન નિજાભાસના ચિન્હ;
સ્વયં સમુદ્રની સ્ફુરે ફોજ, ક્ષણે ક્ષણે નિજની મોજ,
મનસુઓ જીવ થઈ ઝુઝે, વૃત્તિદ્વારા વિલક્ષણ સુઝે;
મોહ સિંહ માયા ઉપજાવે, સંશયનાં દળ સમીપે લાવે,
યાદી આવે ગુરૂગમજ્ઞાન, આવૃત આપોપું મધ્યે માન:
પરમ ગુરૂ પરવશી કરે, અધ્યાસ વિણુા આડાં ફરે,
કડડડ આવી પહોંચે કાળ, ચેતે સદ્દગુરૂમુખી બાળ;
આઠે પહોર અનુભવ એહ, મિથ્યા ધન સુત દારા દેહ,
અણુછતો અધ્યાસ આવે, ક્ષણે ક્ષણે ભ્રાંતિઓ ભમાવે;
પરમ ગુરૂપદ જેકો પ્રિછે, ગાદી ઇંદ્રાસનની ન ઇચ્છે,
વાસના લિંગ વસ્તુમાં ગાળે, મહાપદમાં મોહન જઈ મહાલે;
મહાપદનું મહાત્મ્ય છે એવું, જીવનમુક્તાને જાણવા જેવું,
કદી ખોજને ખોળવા જાય, ખોળનારો ખુદમાં ખોવાય.

થાળ.

મેં તો જમવા તેડ્યા જીવન પ્રાણને જો,
જુગતે જમાડું છું જાણ સુજાણને જો. મેં તો૦ ટેક.
હરિને નિરખવા હરિજન આવીઆ જો,
કુંકુમ કેશરને ચંદન ઘસાવીઆં જો. મેં તો૦ ૧
ષોડશ પ્રકારે પુજન કરૂ પ્રિતસું જો,
કુંકુંમ આડ કરી રૂડી રીતસું જો. મેં તો૦ ૨
પ્રેમે થાળ પુરચો પકવાનનો જો,
સ્વભાવ જોવાને ભગવાનનો જો. મેં તો૦ ૩
પછે પકવાન પુરયાં મન ગમતાં જો,
જોજો શરમાતા નહિ પ્રભુ જમતાં જો. મેં તો૦ ૪
પ્રેમે ભોજન કીધાંછે ભાવતાંજો,

મજુ પરિશ્રમ નહિ થાય ચાવતાં જો મેં તો. ૫
પોચી પુરીઓ પીરસું પ્રેમશું જો,
નૌતમ રસોઇ કરીછે નેમશું જો. મેં તો. ૬
છપન ભોગ ને શોભિતાં શાક છે જો,
ચણા ચોળી ને વાલ વંતાક છે જો. મેં તો. ૭
લેજો સત્વગુણી શાક રાયતાં જો,
માગી લેજો રજોગુણી રાયતાં જો. મેં તો. ૮
માલપુડા દુધપાક વેડમી ગળી જો,
જલેબી ધારી કચોરી ઘીમાં તળી જો. મેં તો. ૯
કેરી આદે અથાણાં જાત જાતનાં જો,
તાજાં ભજીયાં તળ્યાં છે ભાત ભાતનાં જો. મેં તો. ૧૦
તીખી તમોગુણી છે તાજી ચટણી જો,
ડાહ્યા વાટવા તેડાવ્યા છે દક્ષણી જો. મેં તો. ૧૧

સાખી—શવરીનાં બોર, ભાજી વિદુરની, સુદામાના તાંદુલ,
મોહનલાલ કહે માગજો, જે આવે અનુકુળ. ૧

પદ. રાગ અખાના નવઘરાનો.

જમાડુ જીવન પ્રાણને, અનુકુળ આવે તે કહેજો,
દાતા ભોક્તા જીવન જગતના, જે જોઇએ તે લેજો. જમાડુ. ૧
ભીંડા ગુવાર ને ભુરૂ કોળું, ભાત ભાતની ભાજી,
મુળા મેથી મોરસ મોગરી, તાંદળજો લુણી તાજી. જમાડુ. ૨
ગુંદાં કેરાં કરમદાં, બોર કેરી બફાણાં,
ખાટાં ખારાં તીખાં તમતમાં, આદું લીંબુનાં અથાણાં. જમાડુ. ૩
ઘેબર ખાજાં દુધ દહીથરાં, કોડે વધાર્યા છે કુર,
લેજો શેવો સુંવાળી લાપશી, હું છું હરિની હજુર. જમાડુ. ૪
પાપડ પોળીને પંગુચા, વાટી દાળની વડી,
છુટી દાળ કરી દશ જાતની, કેશરી ભાતને કડી. જમાડુ. ૫
સ્વાદ છપન ભોગના, લક્ષ્મિ વર લેજો,
મહા પ્રસાદ મોહનલાલને, દયાનિધિ દેજો. જમાડુ. ૬

સાખી—દાતા ભોક્તા દેવ છે, ચૈતન વડે સ્વાદ,
મોહનલાલ માગે સદા, પરમ ગુરૂ પ્રસાદ. ૧
પરમ ગુરૂ પ્રસાદને, પ્રીછે પ્રેમી જન,
મોહનલાલ મહિમા કહે, પાપી થાય પાવન. ૨

આચમન લીધું અંતર જામીએ, પ્રેમીજને ધર્યાં પાન,
બીડાં આરોગ્યાં બહુ નામીએ, હરિ હવા અંતરધ્યાન. ૩
પ્રેમે થાળ જે પુરશે, હૈડે ધરી ઉલ્લાસ,
મોહનલાલ મહા મુક્તને, પરમેશ્વર રાખશે પાસ. ૪

સાખી—શ્રી સદ્દગુરૂ ચરણે નમું, પરમાત્મા પુરણ બ્રહ્મ,
મોહનલાલ કો વીરલા, મહાત્મા જાણે મર્મ. ૧
બોલે તે બીજો નહિ, શબ્દાતીત સ્વરૂપ,
મોહનસ્વરૂપ વંદુ સદા, અવિનાશી અકળઅરૂપ. ૨
કરો કલેશ નિવૃત્તિને, પામું પરમાનંદ,
મોહન માગે એટલું, મતિ ન હોયે મંદ. ૩
મનની તૃષ્ણા ન મટે, કરીએ કોટી ઉપાય,
મોહન સદ્દગુરૂ સેવતાં, જેમ છે તેમ જણાય. ૪

સાખી—પરમ ગુરૂ પરમાત્મા, નમો નારાયણ રૂપ,
મોહનલાલ નિમગ્ન થઇ, નિરખું નિજ સ્વરૂપ, ૧
સર્વ ભ્રમે ભટકી મરે, શોધે ન સ્વયં પ્રકાશ,
મોહન સ્વરૂપ શરીરમાં, બોલે બારે માસ. ૨
મન સમ્યું સ્વરૂપમાં, અખંડાનંદ અપાર,
મોહન સ્વરૂપ મુક્તને, સ્વપ્નવત્ સંસાર. ૩
સ્વપ્નવત્ સંસારછે, મિથ્યા માયા ભાન,
મોહન મનને જીતીને, ગ્રહીએ સદ્દગુરૂશાન. ૪
કવિતા કોપ ન જાણું હું, જગણ ભગણનો ભેવ,
મોહન મન અર્પી પદે, નમું સદા ગુરૂ દેવ. ૫
વિવેક સાધી વશ કર્યું, મહા મોહમય મન,
મોહન મનને રોધવું, એજ યત્નનું યત્ન. ૬
મંત્ર શાસ્ત્ર સીદ્ધિ કરી, શત્રુ હણવા સહેલ,
મોહન પણ મનવૃત્તિને, હણવી બહુ મુસ્કેલ. ૭
તૃષ્ણા વૈતરણી નદી, યમરાજા છે ક્રોધ,
મોહન તરી સુખમાં શમ્યો, ઉગ્યો અવિચળ બોધ. ૮
શ્રી સદ્દગુરૂ કરૂણા કરો, જીતાય મારૂં મન,
દયા કરો નિજ દાસને, માગુંછું મોહન. ૯
ચિત્ત શાંતિને નવ ગ્રહે, ચંચળ તેનો ચાલ,
સ્થિર કરીને સ્થાપજો, માગે મોહનલાલ. ૧૦
સ્વરૂપમાં શમતું નથી, ચંચળ ચિત્તનો ચાલ,

દયાળુ શાંતિ દીજીએ, માગે મોહનલાલ. ૧૧
પરમ ગુરૂ પરમાત્મા, માગું છું મહારાજ,
સદા ચરણમાં રાખશો, બાંહ્ય ગ્રહ્યાની લાજ. ૧૨
કૃપાળુએ છે કહ્યું, સહેલાની છે મન,
પહેલું તેને શોધીએ, મર્મ લીધો મોહન. ૧૩
આજ્ઞા સદ્ગુરૂ દેવની, પ્રેમે ગ્રહીને પાળ,
મોહન મનને બોધીને, વિષય વાસના ટાળ. ૧૪
અનવધિ સુખની ઉપમા, મુખથી કહી ન જાય,
જેમ ગુંગે શાકર ગળી, સ્વાદ ન કદિ કહેવાય. ૧૫
અંતર બાહિર અનુભવે, રોધ્યાં છે દશ દ્વાર,
સુરત દ્વાર શોધન કરી, પ્રિછયા પ્રાણાધાર. ૧૬.
દુર્બુદ્ધિ ડુબી ગઈ, પ્રકટયું ગુરૂગમ જ્ઞાન,
વિષય સુખ દુઃખરૂપ થયાં, કર્યું બ્રહ્મ રસપાન. ૧૭

હોરી. રાગ કાફી—પરમગુરૂસેં પ્રીત લગાઇ, લગાઇરે, પરમગુરૂસેં પ્રીત લગાઈ. ટેક. અંતર બાહીર અનુભવ કરકે, સંશય ચુરા કરાઈ; તર્ક કુતર્ક કોહુ ઉપજત ના, સંતોષ હૈં સુખદાઇ, યાદી ઉપદેશકી આઇ, પરમગુરૂસે૦ ૧ જન્મ મરણ આદિ બહુત બંધન તેં, સદ્ગુરૂ લેત છોડાઈ; સદગુરૂ પાખે સુઝ પરત નાહી, અનંત કરહી ઉપાઇ, કહત ગુરૂગીતામેં ગાઇ, પરમગુરૂસેં૦ ૨ ખટ નવ ચાર અષ્ટાદશ પઢકે, ગુરૂગમ જો નહી પાઇ; જૈસે પીજરામેં પક્ષી પઢતહૈ, શીખત હે ચતુરાઇ; લાલચમેં રહેત લોભાઇ, પરમગુરૂસેં૦ ૩ સદ્ગુરૂ બ્રહ્મવિદ્યા શીખાવત, મોહ મમતા મીટાઇ; નિજ સ્વરૂપ નિરંતર ભાસત, વાસના લિંગ વીલાઈ, સ્વયં સિંધુમેં શમાઇ, પરમગુરૂસેં૦ ૪ નિર્ગુણ શીરગુણ સ્વયં પ્રકાશક, લક્ષમેં સુરતી લો લાઈ, મોહન સચ્ચિદાનંદ સાગરમેં, મનમોજાકી લેહેરો મીલાઈ, ગુરૂગમ જખપાઇ, પરમગુરૂસેં પ્રીતી લગાઇ૦ ૫

પદ. રાગ વૈરાગ ભર્થરી—ગુરૂવિના જ્ઞાન ઉપજે નહી, કરીએ કોટી ઉપાયજી, ત્રિવિધિ તાપમાં તન તપે, વૃત્તિ વિષયે વહી જાયજી. ગુરૂવિના૦ ટેક. ગુરૂગમ આવી કેમ જાણીએ, ઉપજ્યો વિવેક વૈરાગજી, આવરણથી અળગા રહે, આશા તૃષ્ણાનો ત્યાગજી, ગુરૂવિના૦ ૧ શુદ્ધ વિચાર જેના ચિત્તમાં, પામ્યા પરમ આનંદજી, જીવનમુક્ત તે જાણવા, મીટયા માયાના ફંદજી, ગુરૂવિના૦ ૨

આઠે પહોર આનંદમાં, કરે ક્લેશનો નાશજી, વૃત્તિ વિષયથી વાળીને, ભાળ્યો બ્રહ્મ વિલાસજી, ગુરૂવિના૦ ૩ માયાથી મન ચળે નહી, જાણ્યો જુઠો સંસારજી, સ્વપ્નામાં પણ ચુકે નહી, પ્રીછ્યા પ્રાણાધારજી, ગુરૂવિના૦ ૪ પરમગુરૂ પરમારથી, જેણે જીત્યું છે મનજી, કહે મોહન તેને અરપીએ, તન મનને ધનજી, ગુરૂવિના૦ ૫

૫૬. રાગ કાફી—અનંત બ્રહ્માંડનોરે, ઈશ્વર એક હરિ, જુદો જુદો જાણેરે, જીવ દશાએ કરી. ટેક. મોહ માયાના ઘેનમાં રહ્યા, જાણ્યા નહી જુગદીશ, સદ્‍ગુરૂગમે શોધન કરે તો, સંશય રહિત થાય શિષ્ય, સ્વયં પ્રકાશમાંરે, ચિત્ત હવે રહ્યું ઠરી, અનંત બ્રહ્માંડ૦ ૧ પરમેશ્વર પ્રાણી માત્રનો, અખંડ છે અદ્વૈત, બોલે છે તે બીજો નથીરે, ભ્રાંતિયે ભાસે દ્વૈત, પ્રકાશક પ્રીછોરે, ખોજ કરોરે ખરી, અનંત બ્રહ્માંડ૦ ૨ ભાગ ત્યાગ લક્ષણા કરીને, નિરખો નિજસ્વરૂપ; અગમ અગોચર અનીર્વચનીરે, ન કહેવાય નામને રૂપ, વાણી નહી પહોચેરે, વર્ણવેશું વૈખરી, અનંત બ્રહ્માંડ૦ ૩ ધ્યેય ધ્યાતા ને ધ્યાન થકીરે, અળગો છે અવિનાશ, અખંડાનંદ છે એકલોરે, પ્રાણી માત્રનો પ્રકાશ, અનુભવ અર્ણવમાંરે, સુર્તી જઈને ઠરી, અનંત બ્રહ્માંડ૦ ૪ અનુભવ અમૃત સાગરમાંરે, ઝીલે કોઈ વીરલા સંત, આઠે પહોર આનંદમાં રહે. મળે એવારે મહંત, તેના ચરણોમાંરે, સદા રહીયે ચિત્તધરી, અનંત બ્રહ્માંડ૦ ૫ બ્રહ્મવેત્તા તેજ બ્રહ્મ છે, ટાળે તે કર્મ કલેશ, સર્વજ્ઞ કરે શિષ્યનેરે, આપે બ્રહ્મ ઉપદેશ, મોહન તેને મળીએરે, હૃદયમાં હેત ધરી, અનંત બ્રહ્માંડનોરે૦ ૬

સોરઠો—અખા આશ્ચર્ય એ, આપ નજાણે આપને, છે તો તેનો તે, પણ જાણીને જુજવો રમે. ૧ અહો નિજ બંધુ જમનાદાસભાઈ! એજ અખાના રાગના સોરઠા લખું છું.

સોરઠા—જમનાદાસ જીવની જાત્ય, ખોજે તો ખબર પડે; નિજને ન હોય નાત્ય, મોહન મન આડું ફરે. ૧ મનસુબો છે ચોર, પરપંચમાં પેસારો કરે; નેત્ર દ્વારાએ નઠોર, મોહની જાળમાં જઈ પડે. ૨ મોહન જો જીતાય મન, તો માયા મોહ નડે નહિ; ચક્ષુ જુવે ચિદ્દ્યન, પ્રપંચમાં પડે નહિ. ૩ અહો બંધુ અપરોક્ષ, સચ્ચિદાનંદ સભર ભર્યો; મોહન બંધ ને મોક્ષ, અધ્યાસે ઉભો કર્યો. ૪. **દોહરા.** સ્વયંપ્રકાશક સુખને, જાણી ન શકે જીવ; મોહન મન ઉપશમ કરે, સહજે થાયે શિવ. ૧ વિદેહ મુક્તનું વિશ્વમાં, સુખ કહ્યું નવજાય;

મોહન જીવતાં જો મરે, જગદાધાર જણાય. ૨ વિશ્વમાંહી વ્યાપિ રહ્યો, પરમેશ્વર છે પાસ; મોહન નિજાનંદમાં, અખંડ રહે અવિનાશ. ૩ નિજ બંધુ નવ લાવીએ, અંતરમાં ઉદાસ; મોહન મિટાડયું ના મીટે, પ્રારબ્ધ દેહની પાસ. ૪ અહો બંધુ! જડ દુઃખ અસત્ય દેહનું વિશેષણજ છે.

પદ. રાગ વૈરાગ. (ભરથરી) સજન બંધુ તમો ચેતજો, મુકો મોહ જંજાલજી, નામ ને રૂપનો નાશછે, ઓચિંતો આવશે કાળજી, સજન. ટેક. અમર કાયા એકે નથી, રહે નહી રંક ને રાયજી, મન જાણે મરવું નથી, આશા પાશે તણાયજી, સજન. ૧ ચક્રવર્તી ચાલી ગયા, મેલીને ધન માલજી, કોડી કોઈ ન બાંધી ગયા, ભલા ભલા ભુપાળજી, સજન. ૨ માંધાતાએ એમ જાણીયું, અવની આવશે સાથજી, તે પ્રથ્વી અહીંયાં પડી રહી, કોલ લીધા હતા હાથજી, સજન. ૩ સંસાર સંબંધી સુખને, મિથ્યા સ્વપ્ન પ્રમાણોજી, મોહન સદ્‌ગુરૂ સેવીને, નિજાનંદ સુખ માણોજી, સજન. ૪

પદ. એજ રાગ—વીરા સમજાવોરે ચિત્તને, શુદ્ધ કરીને વિચારજી, પ્રાણપતિને પ્રીછવા, જુઠો જાણજો સંસારજી, વીરા૦ ટેક. જે નજરે આવે તે નવ રહે, કોની કરવી આશજી, કાળ કોને છોડે નહી, નિમેષમાં કરે નાશજી, વીરા૦ ૧ જરી દોશાળા ઓઢતા, હૃદયે મોતીના હારજી, તે જઈ સુતા શમશાનમાં, ઉપર મુકયા અંગારજી, વીરા૦ ૨ સગાં વહાલાં સરવે મળી, પાડે છે પોકારજી, અરરર આ તે શું થયું, બળતાં ન લાગી વારજી, વીરા૦ ૩ નવ નિધિને અષ્ટમાસિદ્ધિ, નાવે શરીર સાથજી, પુંજી સરવેરે પડી રેહેશે, બાંધે લઈયા સાથે હાથજી, વીરા૦ ૪ મત પંથ મોહ જાળમાં, રૂડી રળવાની પેરજી, મોહન મોહજાળ તોડીને, આવો ગુરૂગમ ઘેરજી, વીરા૦ ૫

પદ. એજ રાગ—ગુરૂગમ આવી જેના ઘટમાં, તેના ટળે નહી ટેકજી; સ્વપ્નામાં ચિત્ત ચળે નહી, નિત્યાનિત્ય વિવેકજી, ગુરૂ૦ ટેક. પરમગુરૂની પરીક્ષા, જીરે કેમ જણાયજી, શીલ સંતોષ ક્ષમા દયા, અનુભવીથી ઓળખાયજી, ગુરૂ૦ ૧ સદ્‌ગુરૂથી સુખ ઉપજે, દર્શને દુઃખ જાયજી, સંશયનારે ચુરા કરે, પરપંચ પળાયજી, ગુરૂ૦ ૨ એવા સદ્‌ગુરૂને સેવતાં, ઉઘડે અનંત લોચનજી, દુર્ગુણ કોના દેખે નહી, તે હરિ જેવા હરિજનજી, ગુરૂ૦ ૩ આપોપું અળગું કરી, પ્રીછો પરાથી પારજી, મોહન બ્રહ્મ ભરપુર છે, પોતે પ્રાણાધારજી, ગુરૂ૦ ૪.

પદ. એજ રાગ—ગુરૂ ઉપદેશ જેના ઘટમાં, તેને ઉપજે વૈરાગજી, તૃષ્ણા ત્યાં ઉભી નવ રહે, કરે તનમાંથી ત્યાગજી, ગુરૂ૦ ટેક. સુખ દુઃખનો સંભવ નહી, તજે હર્ષ ને શોકજી, દૃષ્યપદારથ જેટલું, જાણે નાશવંત ફોકજી. ગુરૂ૦ ૧ આશા તૃષ્ણાથી અળગા રહે, નિરખે નિજ સ્વરૂપજી, ઉપાધિ અંતરમાં ગમે નહી, દેખે ડાકેણરૂપજી, ગુરૂ૦ ૨ આશા તૃષ્ણા ને ઉપાધિરે, ત્રણે અવિદ્યાનું અંગજી, વિરોધી વિવેક વિચારના, પાડે ભજનમાં ભંગજી, ગુરૂ૦ ૩ પરપંચથી પાછું ફરી, ઉતરે અંતરમાં મનજી, મોહનસ્વરૂપ એવા ગુરૂપદ, સોંપીએ તનમન ધનજી ગુરૂ૦ ૪

પદ. એજ રાગ—અખંડ યાદીરે ઉપદેશની, તે જન જીવન મુક્તજી, અધ્યાસ કરેરે અદ્વૈતનો, જીવ શિવ સંયુક્તજી, અખંડ. ટેક. જ્ઞાન ઉપજે તે ગુરૂમુખી, મનમુખી નવ થાયજી, પરમગુરૂનારે પદમાં, ચિત્ત સહિત શમાયજી, અખંડ૦ ૧ ગુરૂમુખી કેમ જાણીયે, દ્વૈત સુખને ધિઃકારેજી, ઉપદેશનાં સુખ અનવધિ, વિવેકે વિરલા વિચારેજી, અખંડ૦ ૨ મનમુખી મોહ નિદ્રામાં, સુતા નવ જાગેજી, માયાવી સુખમાં મોહી રહ્યા, તૃષ્ણા નવ ત્યાગેજી, અખંડ૦ ૩ ગુરૂ મુખીને ગર્વ ઉપજે નહી, આવે ઇંદ્રનાં સુખજી, સ્વપ્ને સુખને ઇચ્છે નહી, યાદી આવે થાય દુઃખજી, અખંડ૦ ૪ દ્વૈત સુખને સંહારીને અદ્વૈત સુખને ઈચ્છેજી, ભાગ ત્યાગ લક્ષણા કરી, પરમસુખને પ્રીછેજી, અખંડ૦ ૫ અહો બંધુ ઈચ્છો સુખને, જેનો નવ થાય નાશજી, મોહન મનનેરે જીતીએ, આવે સુખ અવિનાશજી, અખંડ૦ ૬

પદ. રાગ કાફી. હોરી—નિરખો નિજાનંદ હોરી, હોરીરે, નિરખો નિજાનંદ હોરી, ફોકટ તુમ કાયકું ફીરોરી, નિરખો૦ ટેક. બ્રહ્મ અખંડ જ્યોતિ અવિનાશી, ધ્યાનમાં ચિત્ત ધરોરી, અંતરબાહીર અનુભવ કરકે, પ્રેમ પીચકારી કરોરી, રંગ રેહેણીકો ભરોરી, નિજાનંદ૦ ૧ નામ વર્ણ ગુણ વિશ્વ વપુહે, ગીરામેં આવે સો ગીરોરી, મૃત્યુ કાલ માલી ફીરત હે, દીલસેં ક્યું ન ડરોરી, વસંત ઋતુ જાત બહોરી, નિજાનંદ૦ ૨ મનુશાદેહ દેવતાકો દુર્લભ, કલ્પવૃક્ષ કહોરી, જ્ઞાનગુલાલ ગોદમેં ભરકે, ચિદઘન સમીપે ચલ્યોરી, એક રસરંગમેં મીલ્યોરી. નિજાનંદ૦૩. સુતા કેહે સબ સખીઅનપેં, અમર વર વરોરી, પ્રાણનાથ અખંડ અવિનાશી, પૂરણ બ્રહ્મ પરખોરી, હરદંમ હરીજન હરખ્યોરી, નિજાનંદ૦ ૪ વિશ્વપ્રકાશક વસંતઋતુ હેં શુભ શણગાર સજ્યોરી, મોહન પ્રેમપીચકારી ભરકે, પરમ ગુરૂપદમેં પરોરી, ધીરજ

ગુમ કાહેકુ મરોરી, નિજાનંદ. ૪

પદ. રાગ આગમ ઊહાસી.—અનુભવી આવોરે આપણા દેશમાં, વિવેક મળે તો કરીએ ગુંજની વાતજો, ગુરૂ મુખી જાણેરે આત્મ જ્ઞાનને, સચ્ચિદાનંદ સિદ્ધ કરે સાક્ષાત્ જો, અનુભવી. ટેક. અભિમાની જાણે નહી ગુરૂ ઉપદેશને, મનમુખી તો જાણે નહી જગદીશજો, અનુભવીને પરમગુરૂ પરમાત્મા, તનમન ધન તે સોંપી દે એ શિષ્ય જો, અનુભવી. ૧ મુમુક્ષુ ઉત્તમરે મળવા દોહલા, અંતર બાહીર પરમગુરૂશું પ્રેમ જો; અસત્ય ભાષણ અંતરમાં નવ ઉપજે, સત્ય જ્ઞાનનો સદા અવિચલ નેમજો. અનુભવી૰ ૨ સદ્ગુરૂવિના તેનાં ચિત્ત ઠરે નહી, અભીમાનીના સંગથી ઉપજે દુ:ખજો, ભાળ્યા દીઠા વિણરે ભાષણ જે કરે, મોહનસ્વરૂપ સતસંગથી ઉપજે સુખજો, અનુભવી. ૩.

પદ. એજ રાગ—વિવેકી મળવારે વીરા દોહલા, સત્ય અસત્યનો શુદ્ધ કરે વિચારજો, રાગ દ્વેષનો સંભવ નાહીં ચિત્તમાં, ઉપદેશ કરી ઊતારે ભવ પારજો, વિવેકી. ૧. અમને જે વીતી તે વીરા વર્ણવું, વૈભવ તજીને લીધો છે વૈરાગજો, પિંડ પડે પણ પરમેશ્વરને પ્રીછવા, સંત સમાગમ કીધે ઉપન્યો ત્યાગજો, વિવેકી. ૨ પચીશ વર્ષ વીત્યાંરે તીર્થ વ્રતમાં, જ્યાં જોયું ત્યાં જુદા જુદા મતજો, સર્વજ્ઞ મળ્યા ત્યાં સ્નેહ ઉપજ્યો, અસાધ્ય રોગી બોલે બીજા અસત્યજો, વિવેકી. ૩ સાધ્યવિના બોલે તે સનેપાતીયા, એક કહે ઈશ્વર કરે તે થાયજો, એક કહે અદ્રષ્ટથી સરવે ઉપજે, કોઈ કહેછે કાળ થકી નિરમાયજો, વિવેકી. ૪ દોઢડાહ્યાં કહે દૈવ કરે તે થાય છે, કોઇ કાઢે વિધાતાનો વાંકજો, પંડિત કહેછે પ્રારબ્ધ કરે તે ખરૂં, મોહન અનિરવચનીય આડો આંકજો. વિવેકી. ૫

પદ. એજ રાગ—અનંતકોટી બ્રહ્માંડ જેથી ઉપજે, વિશ્વાધાર વાણીમાં આવે નહી ઇશજો, મત પંથ પ્રમાણ કો પહોંચે નહી, જીવ દશાથી જણાય નહી જગદીશજો, અનંત. ૧ વેદ શાસ્ત્ર પુરાણ પ્રાર્થના કરે, સર્વ શબ્દથી સર્વેશ્વર છે શેષજો, પરમ ગુરૂ પ્રસાદે પરમ પદ પામીએ, અગમ અગોચર અગામી ઉપદેશજો, અનંત. ૨ બ્રહ્મા વિષ્ણુ શિવ સનકાદિક ચિંતવે, ત્રીગુણાતીત પુરણ પરમ પ્રકાશજો, કેહેવું ને સાંભળવું સર્વે કલ્પના, પ્રકાશ પ્રકાશક યાદીનો અધ્યાસજો, અનંત. ૩ નિર્ગુણ ને શીરગુણરે બે સંભવે નહી, કર્તા અકર્તા જે વડે કહેવાયજો, તેનો તપાસ તનમાં તો થતો નથી, અધ્યરત ટળે તો અધિષ્ઠા

ન ઓળખાયજો, અનંત. ૪ અનુભવીને આત્મા અપરોક્ષ છે. સ્વયં પ્રકાશક ચિતમાં જેનો ભાસજો, મોહન સ્વરૂપ પુરૂષારથથી પ્રીછરી, તેના ઘટમાં અખંડ સુખ અવિનાશજો, અનંત. ૫

પદ. એજ રાગ—પુરૂષારથથી પરમ સુખને પામીએ, દીલમાંથી થાય સર્વ દુઃખનો નાશજો, આવરણુ ને સંશય તો ઊભા નવ રહે, તૃષ્ણા તજે તો પુરૂષાર્થ રહે પાસજો, પુરૂષાર્થથી. ટેક. વૈતરણી નદીરે તીક્ષણ તૃષ્ણા, જમરાજા છે જેના ઘટમાં લોભજો, અંતઃકરણમાં ઓળખાય નહી નિજઆત્મા, યાદીમાં અહંકાર કરેછે ક્ષોભજો, પુરૂષાર્થથી. ૧ આશા તૃષ્ણા અહંપણું આડું ફરે, સ્વયંપ્રકાશક સ્વપ્ને ન આવે સુખજો, મન ઇચ્છેછે મિથ્યા માયા સુખને, અન્તે અનવધિ ઉપજાવે દુઃખજો, પુરૂષાર્થથી. ૨ અંતર બાહીર ઇંદ્રિઓને રોધીએ, ઉપાધિ તજે તો આત્મ સુખ જણાયજો, મોહન સ્વરૂપ અખંડ સુખ ચૌટામાં નથી, સદ્ગુરૂમુખી સ્વયંસ્વરૂપે થાયજો, પુરૂષાર્થથી. ૩

પદ. એજરાગ—મનસુબા તું પરમાત્માને પ્રીછજે, અનાત્માથી ઉપજે અનવધિ દુઃખજો, સ્વયંપ્રકાશનીરે યાદી રાખે ચિત્તમાં, આત્મજ્ઞાનથી અખંડ ઉપજે સુખજો, મનસુબા તું. ટેક. બ્રહ્મા વિષ્ણુ શિવજી ભજે છે બ્રહ્મને, રાત્ર દિવસ રટણુ કરેછે શેષજો; કર્મ ઉપાસના જ્ઞાનથી જ્ઞેયને જાણીએ, ગુરૂ ગમવિના આવે નહી ઉપદેશજો. મનસુબા. ૧. ભુશંડજી જેવારે કરે શુભ કર્મને, શુભ કર્મથી સંશય સઘળા જાય જો; આવરણુને વિક્ષેપ આવી ન શકે, પરમાનંદથી પ્રપંચ સર્વ પળાયજો; મનસુબા. ૨. યોગ યજ્ઞ આદિરે સાધન સિદ્ધ કરે, તનમાં ઉપજે ત્રિકાળનીરે જાણજો; અંતર બાહીર અહંપણું અછતું રહે, અહંમમેતિ ભવ બીજકની ખાણજો. મનસુબા. ૩. ઉત્તમ કર્મ ક્લેશની નિવૃત્તિ કરે, પરમાત્મા તે પરમાનંદ સ્વરૂપજો; મોહન સ્વરૂપ મનસુબાને વશ કરી, નિરખ્યું નિજાનંદ અખંડ અનુપજો. મનસુબા. ૪.

પદ. રાગ ધનાશ્રી ધોળ—મનસુબો થયો ઉપશમ, આનંદ ઉદય થયો; ગયાં કોટીક જન્મનાં કર્મ, આનંદ ઉદય થયો. ટેક. પરમ ગુરૂ પ્રસાદથીરે, આવ્યો અનુભવ અભંગ. વિશ્વંભર વરયોડે ચઝોરે; મારો માનો નથીરે ઉમંગ. આનંદ ૧. પચરંગી વાગો પેહેરીઓરે, ભાત ભાતનાં ભુષણ; વેદ વખાણે સ્વસ્વરૂપનેરે, અળગું કેમ રહેવાય એક ક્ષણ. આનંદ. ૨. વિશ્વપતિ વરનોરે, મરજીવાથી મેળાપ

થાય; અનંત કોટિ બ્રહ્માંડ એના મંડપમાંરે, આનંદ મંગળ તાંહાં મ-વાય. આનંદ. ૩ ગાતાં ગાતાં મન ગળ્યુંરે, થયું ગમને ગર્ક; મોહન મન સ્વરૂપે મળ્યુરે, ટળી ગયા તર્ક કુતર્ક. આનંદ. ૪

પદ. રાગધનાશ્રી ધોળ—સુરતી પામી પરમાનંદ, અખંડ વરને હું વરી, મિથ્યા ફોકટ માયાના ફંદ, અખંડ વરને હું વરી. ટેક. સ્વયંપ્રકાશની સમીપે અહો નિજાનંદનાથ; હું અંગનાછું આપનીરે, હાવે નહિ છોડું સ્વામિનો સાથ, અખંડ વરને. ૧ મોહ માયાના ઘેનમાં, હું ભુલી બ્રહ્માનંદ; પરમ ગુરૂ પ્રસાદથીરે, નિત્ય નિરખું નિજાનંદ, અખંડ વર. ૨ યમનિયમ આસન ત્રણે પ્રાણાયામ પ્રત્યાહાર, ધારણા ધ્યાનને સમાધિરે, સર્વે સિદ્ધોનો સરજણહાર; અખંડ વર. ૩ સંવિત સ્વયં પ્રકાશનું, અણછતો અધ્યાસ, અનંત કોટિ બ્રહ્માંડનોરે, પોતે કરે પ્રકાશ. અખંડ વર. ૪ શબ્દાતીત સોહામણો, જે સર્વ સાધનથી શેષ; મોહન સ્વરૂપ સુખ વર્ણવ્યુંરે, જેને યાદી હોય ઉપદેશ, અખંડ વરને હું વરી. ૫

પદ. રાગ આહાડ—હરિરે હરિ વંદુ હરિરે હરિ, અહો સ્વયં સરજનહાર, વંદુ હરિરે હરિ. ટેક જે જન હરિ હરિ જપેરે, હરિમાં તે શમાય; હરિ વિના કોઇ ઠામ ન ઠાલો, ગુરૂ ગીતામાં ગાય. વંદુ. ૧ હરિના હુકમ વિનારે, ચાલે નહી આ પ્રાણ, હરિ ભજે સર્વ સિદ્ધ થાય, વદેછે વેદ પુરાણ, વંદુ. ૨ જે જન હરિને ભજ્યારે, તેનાં કપાયાં દુઃખ; ધ્રુવે જાણ્યા જગદીશને, તેને આપ્યું અવિચળ સુખ. વંદુ. ૩ પ્રલ્હાદની પરીક્ષા જોવારે, ભડભડી ઉઠયા ભુપ, કડડડ ખંભ કડકીયોરે, ધર્યું નરસિંહ સ્વરૂપ. વંદુ. ૪ વારંવાર વંદના કરૂંરે, દયાળુ દેવાધિદેવ, મોહન સ્વરૂપ સિદ્ધ થયુંરે, તજીને અહમેવ. વંદુ. ૫

પદ. એજ રાગ—શનૈરે શનૈ ચિંતવું શનૈરે શનૈ, હે વિભુ પરાનેપાર, ચિંતવું શનૈરે શનૈ. ટેક. અસ્તિ ભાતિ પ્રિય છોરે, નામ રૂપનો નાશ, અખંડાનંદ અવિનાશમાંરે. નિર્ભય નિવાસ. ચિંતવું. ૧ શબ્દાતીત સોહામણોરે, બોલે બાવન બહાર; નેત્ર વિના નિરખવુંરે, નિરંજન નિરાધાર. ચિતવું. ૨ ઇંદ્રિઓને ઉલટાવીનેરે, સ્થિર કરીને મન, પંચ પ્રાણને રોધવાને, કરૂં છઠ્ઠી જતન. ચિંતવું. ૩ મન વાણી પોહોંચે નહીરે, અનવધિ અગામ; મોહન વિરલા પામશેરે, નિરંજન ધામ. ચિંતવું. ૪

પદ. એજ રાગ—વસીરે વસી વિભુ રહ્યો વસીરે વસી, સચ્ચિ-

દાનંદ સર્વાધાર, રહો વિભુ વસી રે વસી. ટેક. વાસુદેવ વિલાસી રહો રે; અંતરજામી આપ, અવિનાશી અખંડછેરે, કોનો કરીએ થાપઉ-થાપ. વિભુ. ૧ વિશ્વપતિને પ્રીછવારે, કરીએ કોટી ઉપાય; પરમ ગુરુ પ્રસાદથીરે, જેમ તે તેમ જણાય. વિભુ. ૨ જગદીશ આપને જાચું છુંરે, સર્વેશ્વર કરો સાહ્ય; મન જીતવું મુશકેલછેરે, વિષયમાં ન વહી જાય. વિભુ. ૩ સચ્ચિદાનંદમાં ચિત્ત ઠરેરે, માગું એમ મહારાજ; મોહન સ્વરૂપે મન ઠર્યુંરે, બાહ્ય ગ્રહ્યાની લાજ. વિભુ. ૪

પદ. એજ રાગ—મન રહ્યું ઠરીરે ઠરી, અહો પ્રીછ્યા પ્રાણાધાર, મન રહ્યું ઠરી રે ઠરી. ટેક. વિષયનાં સુખ વિષજેવાંરે, ચાર ઘડીનું સુખ; આઠે પોહોર ઉપજેરે, રાતને દિવસ દુખ. મન રહ્યું. ૧ જડ દુખને અસત્યછેરે, અન્ આત્મા દેહ; સચ્ચિદાનંદ આત્મારે, સિદ્ધ કરો સનેહ. મન રહ્યું. ૨ પરમાત્માને પ્રીછવારે, પ્રાણી દોડીને ધાય; તીરથ વ્રત પંથમાંરે, નિજાનંદ ન જણાય. મન રહ્યું. ૩ પુરક રેચક કુંભક કરીનેરે, રોધી દશે દ્વાર; મોહન સ્વરૂપે મન ઠર્યુંરે, ભાસ્યું બ્રહ્માકાર. મન રહ્યું. ૪

પદ. એજ રાગ—માગું ફરીરે ફરી, માગું ફરી રે ફરી; હે જીવન જગદાધાર માગું ફરીરે. ટેક. ત્રિગુણ પતિને પ્રણમુ રે, મોહ માયાના અધીશ; આ પ્રબળ માયા આપનીરે, તેમાં કેમ ઓળખાયે ઈશ. માગું. ૧ હે જીવન જગદાધાર માગું, કરજોડી નમાવું છું શીશ; મનુષ્ય દેહમાં અનકુળતા છે, જાણવા જગદીશ. માગું ૨. જાચવાની જરૂરછેરે, યાદમાં રહો અવિનાશ; દાસ સમીપે રાખજો, મને માયાનો બહુ ત્રાસ. માગું. ૩ આપ વિના કો અન્ય પાસે, માગું નહી મહારાજ; મોહન સ્વરૂપ સમીપે રહેજો, બાંહ્ય ગ્રહ્યાની લાજ. માગું. ૪

પદ. એજ રાગ—લખીરે લખી અરજ લખીરે લખી, અહો નિજાનંદ નાથ; અરજ લખી રે લખી. ટેક. અરજ કરૂં છું આપનેરે, પ્રાણપતિ ભગવાન; પ્રાણી માત્રને મનસુબેરે, કરેછે હેરાન. અરજ ૧ અનુભવ દીવાન આપનો રે, વકીલ વિવેક વિચાર; મહેરબાન સાહેબ મોકલશોરે; સંતોષ થશે ત્યાર. અરજ. ૨ અનુભવે અરજી વાંચીરે, શ્રીહરિની હજુર; હીરદે પુરીમાં હુકમ આવ્યો, જીતાયો મનસુબો શુર. અરજ. ૩ મનસુબાને જીતીઓરે, આવ્યુ અખંડ સુખ; મોહન સ્વરૂપ સિદ્ધ થયુંરે, મીટયાં જન્મ મર્ણનાં દુઃખ. અરજ. ૪

પદ. અગમ ઉદાસી રાગ—શાણા બંધુજનને શિક્ષા સં-ભવે, ધૈર્ય ધરીને દીલથી દેજે ધ્યાનજો, આ પીંડને બ્રહ્માંડનો પાળક કોણુ છે, મનકર્મ વચને મુકી દેજે માનજો. શાણા. ૧ અગમ અ-ગોચર અનીરવચનીય આત્મા; સર્વ ગ્રંથથી ગુણાતીત છે ગૌણજો, સ્વ-યં પ્રકાશક શબ્દમાં આવે નહી; યાદીને યાર દાહ ઉપજાવે કોણજો. શાણા. ૨ વેદ શાસ્ત્ર પ્રમાણુ રે કો પોહોચે નહી; ક્રિયા કર્મથી પરમા-ત્મા છે પરોક્ષજો. વિવેકી મિત્રારે મનમાં વિચારજો, ધર્મ અર્થ કામ કઇ દિશે મલશે મોક્ષજો. શાણા. ૩ સ્વરધુની ગગનમાં ગરજે ગેબથી, અંતર બાહીર અનુભવે આનંદ થાયજો; જીવદ્વારાએ જીવન પ્રાણુ જડે નહી, જેમ વંઝા સુતને ન હોય સંતાનજો. શાણા. ૪ વર્ણાશ્રમને ઈ-શ્વરની આરાધના, પ્રાર્થના કરતાં છુટી જાય પ્રાણજો; તેને પુછો પરમેશ્વરની પ્રીતડી, અહો બંધુ અસંભવી ઓળખાણજો. શાણા. ૫ ગુરૂમુખીને ગર્વ કરવો નવ ઘટે, જે નીરખ્યામાં આવે તેનો ના-શજો; મોહનસ્વરૂપ જાગોરે મોહ નિદ્રાથકી, તેના ઘટમાં અખંડ સુખ અવિનાશજો. શાણા. ૬

પદ. કાઠોઆવાડી નહી જાવેરે ફુલ નહી જાવે એ રાગે. લેહે લાગી મને લેહે લાગી, અગામીધામની લેહે લાગી. ટેક. પ્રાણ રો-ધવાને પદ્માસન કીધું, ગુરૂ ગમેથી જોયું જાગી. અગામી. ૧ નેત્રક-ર્ણ મુંદીને નીરખ્યું, અનવધી રાગની વેણુ વાગી; અગામી. ૨ પરમ ગુરૂ ગમ જ્ઞાને કરીને, જન્મ મરણનો ભય ભાગી; અગામી. ૩ કામ ક્રોધ લોભ મોહ શીથળ થયાં, એવી સદ્દગુરૂની ચોટ લાગી, અગામી. ૪ દુર્ગુણ દોષને દગ્ધ કરીને, અનુભવ્યો આત્મા અનુરાગી. અગામી ધામ. ૫ મોહન સ્વરૂપ સદ્દગુરૂ કૃપાથી, તન મનથી તૃષ્ણા ત્યાગી. અગામી. ૬

સાખી—મત પંથમાં મુઝાઈ મરે, જેમ જતુ બાંધે જાળ; મોહન આપ ઓળખ્યા વિના, મૃત્યુ થાય અકાળ. ૧ મોહ માયાના ઘેનથી, જો જાગે તું જીવ; મોહન સ્વરૂપ જો સિદ્ધ કરે, તો સ્વયં પ્રકાશક શિવ. ૨

પદ. રાગ "અખાના નવગરાનો"—અહો સજ્જન બંધુ, અમો પ્રદેશી પ્રવાસી; આ દેશમાં દીલ ગોઠે નહી, અગામી ઉદાસી. અહો. ટેક. પ્રવાહમાં પંડિત બહુ મળ્યા, સેવકને સ્વામી; જીવદ્વારા યુક્તિઓ રચી, સભાજીત સ્વકામી. અહો. ૧ પછી યાદી આવી ઉપદે-શની, નિરખ્યું નિજધામ; અંતર બાહીર અનુભવ્યું, અનિર્વચની અગામ. અહો. ૨ નિરાલંબ નિજ ધામનું, મરજીવા સુખ માણે;

મન જીતવું મુશ્કેલ છે, વીતી હોય તે જાણે, અહો. ૩ ગ્યાની ધ્યાની મુનિ કવિ, ગીરા દ્વારાએ ગાય; વેદ શાસ્ત્ર પુરાણથી, પ્રમાણ ન થાય. અહો. ૪. એવું અટપટા ધામનું, નહી નામ ને રૂપ; નેત્ર વિનાનું એ નિરખવું, અણુહદ અરૂપ. અહો. ૫ સાધન સઘળાં શમી ગયાં, વિષય વિરામ પામ્યો; મોહન સ્વરૂપ સિંધુમાં, સંશય સઘળો વામ્યો. અહો. ૬

સાખી—મંત્ર શાસ્ત્ર સિધ કરી, શત્રુ હણવા સેહેલ; મોહન મનસુખો જીતવો, એજ મહા મુશકેલ. ૧ શંકા મનનુ સ્વરૂપછે, વાસના વંઝાસુત;મોહનજો તૃષ્ણા ન ટળે તો સુક્ષમ સરજે ભુત. ૨ તૃષ્ણા વઇતરણી નદી, યમ રાજા છે ક્રોધ; મોહન મોહ નિંદ્રા થકી. જાગ મનસુખા જોધ. ૩ બંધ મોક્ષ છે મનને, કરો વિવેક વિચાર; બંધુ બોધો મનને, મોહન પામીએ પાર. ૪

પદ. રાગ અખાના નવગરાનો—મનસુખારે, વિરા જોની વિચારી; દેહનો ભરોસો નથી, ભયકાળનો ભારી. મન. ટેક. માયાની સુખને મોહી રહ્યો, આત્મા ધન ખોયુ; પારશમણીને પટકીને, કોડીમાં ચિત પ્રોયું. મન. ૧ કાયા કોડી નથી કામની, જડ દુઃખ ને અસત્ય; એ જોખમ જન્મ મર્ણનું, તારી શી થાશે ગત્ય. મન. ૨ બાળયૌવન ને બુઢાપણ, તેનો કોણ છે કરતા; ચોથી અવસ્થા શરીરની, તેમાં કોણ છે મરતા. મન. ૩ પુર્વ જન્મ જડતું નથી, એ મોટી છે ખામી; મોહન મનસુખો વશ કરી, ઓળખો અંતરજામી. મન. ૪

પદ. રાગ સારંગ ઉદાસી—હે બંધુ જન, જન્મ ધરીને શાણાને શું જાણવું; શુદ્ધ વિચાર કરી, પરમેશ્વરનું પદ યાદીમાં આણવું. ટેક. પ્રાણી માત્રમાં કોનો પ્રકાશ છે, તે અણછતો આભાસછે; જે પ્રીછશે તેની પાસ છે. હે બંધુ. ૧ જુઓ જન્મ પૂર્વે જગદીશ હતા, તે નથી ઉભા બેઠા સુતા, આ અનુભવ કરે કોઈ અબધુતા. હે બંધુ. ૨ અનંત કોટિ બ્રહ્માંડ ઉપજાવે, તેને સંપુટમાં કોણ શમાવે; અનવધિ મુજને આશ્ચર્ય આવે. હે બંધુ. ૪ આ પદનો અનુભવ જે કરશે, તે સહજે ભવસાગર તરશે, કહે મોહન સ્વરૂપમાં ચિત્ત ઠરશે. હે બંધુ. ૫

રાગ કલિમ સાખો.

સંશય ટળે તે સોરઠા, દોહાથી ટળે દુઃખ; કવિતા મટાડે ક્લેશને, મોહન સમજ્યાથી સુખ. ૧ પ્રતિયોગિ સાથે મળિ, શબ્દ ઉચારણ થાય; જીવનિ જાત્ય જડતી નથી, તેનો પ્રતિયોગિ કોણ ગાય. ૨ ચૈતનને સંયોગે કરી, જન્મ દ્વારાએ જીવ; મોહન સ્વરૂપ અદ્વૈત છે, સદ્ગુરૂથી

[illegible]

[illegible] જુ આમ્રફળ સાખો લેજો લખુછું જે ચાખી જાશે તેને જ મિઠાશ આવશે. સંવેદનથી ઉપજે, ઉપાધિનું અંગ; તે પરમ ગુરૂને પ્રિછે નહિ, પ્રમાદ પાડે ભંગ. ૬ ઉપાધિ અનર્થનું મુળ છે, કરે અનુભવિને અંધ; મોહન એ અસાધ્ય રોગથિ, બચે નહિ જ્ઞાન બંધ. ૭ સજ્જન બંધુ ચેતજો, નિ:સંગ નિજાનંદ; મોહનસ્વરૂપ સિદ્ધ કરો, તજી પુર્ણાનો ફંદ. ૮ જ્ઞાનબંધથિ ઉત્તમછે, અનંત અજ્ઞાનિ જન; મોહન સદ્ગુરૂ ચર્ણમાં, સોંપે તન મન ધન. ૯ જેને યાદિ હોય ઉપદેશની, તેના ઘટમાં નાવે ગર્વ; મોહન તેહને મળિયે સદા, સ્વારથ છોડિ સર્વ. ૧૦ ઉપદેશિ મળવા દોહલા, મુજને મળવાનું મન; મોહન સ્વરૂપ મેલાપનું, કરૂછુ જતન. ૧૧ વેદ વિતંડને જ્ઞાનબંધ, મળ્યા મુજને અનેક; મોહન સ્વરૂપ સિધ કરે, નિત્યાનિત્ય વિવેક. ૧૨ જમનાદાસભાઇ જગમાં, વિવેકિ વિરલા કોય; મોહન મળીયે તેહને, હજારો જોજન હોય. ૧૩ હજારો જોજન હતા, ઋષિ કાગભુષંડ; વેગે પધાર્યા વસિષ્ટજી, ઉપજ્યો આનંદ અખંડ. ૧૪ ભુષંડજી ભેટ્યા વસિષ્ટને, હ્રદે હર્ખ ન માય; મોહન સ્વરૂપ શું લખે, એ સુખ કહ્યું નવ જાય. ૧૪ જમનાદાસભાઇ જરૂર છે, નામ રૂપનો નાશ; મોહન સ્વરૂપ સિદ્ધ કરિ, ઓળખવા અવિનાશ. ૧૫

ઇતિ શ્રીમોહનપદ્ય રત્નાવલિ

સમાપ્ત.

સૂચના.

આ શ્રીમોહનપધરત્નાવલિ સુરતમાં નવસારી ભાગળે ચાંલ્લાઓળને નાકે હીંગળાજના મઠ સામે બ્રહ્મચારીજી શ્રીમોહનસ્વરૂપને આશ્રમે તજવીજ કરવાથી મળશે.